# THE MAP OF JAIN TIRTHS
# IN
# INDIA

# जैन तीर्थोनो नकशो


BY

**Muni Shree CHARITRAVIJAYJI (Kachchhi)**

*Founder of Shree Yashovijayji Jain Gurukul.*



Vikrama Samvat 1987. A. D. 1930.

**Price 8 Annas.**

श्रीचारित्रस्मारक ग्रंथमाला पु० नं०—१७

# जैन तीर्थोनो नकशो

( जैन तीर्थोनी टुंक माहिती सहित )

कर्त्ता

मुनि महाराज श्रीमद् चारित्रविजयजी ( कच्छी )

संस्थापक—श्रीयशोविजयजी जैनगुरुकुल-पालिताणा

# बे बोल

---

जैन तीर्थोना यात्रिको माटे जैन तीर्थना नकशानी घणी जरूर हती अमारी ग्रन्थमाला, ए जरूरीयातने आजे पुरी पाडे छे।

श्रीयशोविजयजी जैन गुरुकुलना संस्थापक सद्गत मुनि महाराज श्रीमद्चारित्रविजयजी ( कच्छी ) महाराजे विहार दर्शन पुस्तक बनाव्युं छे। तेमां संक्षिप्त समजुति साथे नकशानीपण संकलना करी छे अमोए तेमां सुधारो वधारो करी, "विहार दर्शन" ( आवृत्ति बीजी ) नी साथे ते नकशाने छपावेल छे।

रेल्वेना यात्रिकोनी सगवडतामाटे तेज नकशाने समजुति-माहिती साथे अलग छपावी प्रस्तुत पुस्तकरुपे श्रीसंघने समर्पण करीए छीए साथे साथे पूर्व देशनी यात्रा— प्रदक्षिणा पण (पृ० ४१ मां) आपेल छे।

भव्यात्माओ पूनीत तीर्थोनी यात्रा करी आत्म जागृती प्राप्त करो, अने जगतनुं कल्याण करो। एमनः कामना पूर्वक हुं विरमुं छुं।

वीर निर्वाण सं० २४५७
कमाल चारित्र सं० १३
मागशर

लीο प्रकाशक—
शा० मफतलाल माणेकचन्द
मु० वीरमगाम, गुजरात

॥ वाचकवर्य श्रीयशोविजयाय नमः ॥

# जैनतीर्थोनी टूंक माहिती

*नामाऽऽकृतिद्रव्यभावैः पुनतास्त्रिजगज्जनं ।*
*क्षेत्रे काले च सर्वस्मि अर्हतः समुपास्महे ॥*

## काठिआवाड़—विभाग

*श्रीशत्रुंजयगिरि*—आ पवित्र तीर्थ *पालिताणा* स्टे० थी २ माइल दूर छे पालिताणा स्टेटनी राजधानीनुं शहर छे शिहोरथी शरुथती B. S. रेल्वेनुं स्टेशन छे वाहनोनी सगवड पुष्कल छे पोष्टओफिस छे तारओफिस Palitana छे, अहीं अनेक जैन धर्मशालाओ, उपाश्रयो, जिनालयो, ज्ञान संस्थाओ, ज्ञानमन्दिरो अने पुस्तकालयो छे। स्टेशननी सामेज सुप्रसिद्ध श्रीयशोविजयजी जैन गुरुकुल छे। त्यां मनोहर जिनालय पण छे। शहेरथी १ माइल दक्षिणमां *जयतलाटी* छे। त्यां जिनपादुका अने बाबू धनपतिसिंहजी नुं जिन मन्दिर छे। नीचेज भातातलाटी छे। ज्यां यात्रीओ माटे भातानी अने पाणीनी पुरी सगवड छे। तलाटी थी स्थले स्थले बनावेल विसामा-जल-कुण्डो-परबो-अने देरीओथी शोभता पाका रस्तावडे ऊपर चढाय छे। ३ माइल ना चडाव पछी बेभागमां वहेंचायेली विशाल सपाट भूमि आवे छे। ज्यां अनेक गगनचुंबी भव्य मन्दिरो थी दीपती ९ टुंको ( किल्लेबंधी क्लाको ) छे। मुख्य टूंकमां मूलनायक *श्रीआदिनाथ* (ऋषभदेव ) भगवाननी प्रतिमा छे। अहिं नाना मोटा हजारो जिनालयो छे। अहीं थी जदेजदे रस्ते थइने-शत्रुं-

जयी नदीनीपाग ( पाज), रोहिशालापाग, गणधोलपाग, घेटीनीपाग, उल खाजल, अजितनाथपादुका, चन्दनतलावडी, भाडवोडुंगर, सिध्धवड विगेरे स्थाने जवाय छे। ज्यां देरीओ तथा जिन पादुकाओ छे। आदरेक स्थानमां आणंदजी कल्याणजीनी पेढी ( जैनश्वेताम्बर संघ ) नीस्वतन्त्र सत्ता छे। आसंस्थानी पेढी ( ओफिस ) नीचे शहेरमां छे।

शत्रुंजयनी परिक्रमामां भण्डारिआ, बोदानोनेस, कदंबगीरि तीर्थ, मोर सुपणा, चोक, हस्तगिरि तीर्थ अने पालिताणा आवे छे। शत्रुंजयनी पंच तीर्थिमां, पालिताणा, (तलाजा) तालध्वजगीरि तीर्थ, दाठा, महुवा, कुंटवडा, जेसर, देपलुं, हाथसणी, घेटी, अने पालिताणा आवे छे। आदेरक स्थानोमां सुन्दर जिनमन्दिरो छे। शत्रुंजयनो जुनीतलाटी शहरमां तथा आगम तीर्थ वला मां छे। *शिहोरमां*—मारु देवी टूंक छे अहीं ब्रह्मकुंडमां ऋषभमूर्ति होवा नुं संभलाय छे। गाममां मं० २ छे।

*तालध्वजगीरि*—पालिताणा थी मोटर रस्ते १० कोष अने भाव नगर थी रेल्वे रस्ते १६ कोष दूर *तळाजा* स्टेशन छे। ज्यां उपाश्रय धर्म-शाला मन्दिर तलाटी अने श्रावकोनी मोटी वस्ती छे। गामनी नजीकमांज नानकडो पहाड़-तालध्वजगीरि छे। आ गीरि शत्रुंजयनी एक टुंक मनाय छे। आशरे २०० पग थीआं चडतांज उपर पहोंचाय छे। उपर ३ जिनालयो छे। मूलनायक साचादेव *सुमतिनाथ* छे। आआखी टेकरी पोली छे। जेथी अहीं नानीमोटी ३० गुफाओ छे। अहीं पो० ओ० तार ऑफिस Talaja छे।

*महुवाबन्दर*-तलाजाथी मोटर रस्ते १४ कोष दूर-महुवा शहेर छे अहीं स्टेशन छे। बन्दर छे। पो० ओ० छे। तार ओ० Mahuva छे। अहीं विशाल जिनालय, जीवित स्वामी महावीर भ० नी मनहर मूर्ति। जगद्गुरु श्रीविजय हीर सूरीश्वरजीनी दर्शनिय मूर्ति अने यशो विजय जैन बालाश्रम छे। (स्टेटभावनगर)। आ जावड शाहनी जन्मभूमि मनाय छे।

*घोघा*—भावनगर थी मोटर रस्ते १४ मैल दूर पुराणुं घोघा शहर छे। अहीं समुद्रकांठो छे। बन्दर छे। पो० ओ० तारऑफिस Gogha छे। गवर्मेंट ताबे छे। आ महाचमत्कारि पार्श्वनाथ भगवाननुं पुराणुं तीर्थ छे। मन्दिर भव्य अने विशाल छे।

*वळा*— B. S. R. ना धोला जंक्शन थी ३ कोष दूर वला शहर छे। आनु जुनुं नाम *वल्लभीपुर* छे। अहीं वीर निर्वाण सं० ९८० थी ९९३ सुधी पूर्वधर श्रीदेवर्धि गणि क्षमाश्रमणे जैन आगमो लखाव्या हता, जेथी जैन-आगाम तीर्थ छे। अहीं सुन्दर जिनालय छे। देवर्धिगणि क्षमाश्रमणनी मूर्ति छे। शत्रुंजयनी जुनी तलाटीछे मोटी जैन वस्ती छे। पो० ओ० तार ऑफिस Vala छे।

*वढवाणशहेर*—B. S. R ना वढवाण सीटी स्टेशन थी १ माइल दूर शहेर छे। शहेरनीबहार भोगावा नदी कांठे एक जिनालय छे। बर्धमानमां (पूर्वदेशमां) शूल पाणि यक्षे भ० महावीरने उपसर्गकर्यो हतो।" तेनुं आस्थापना तीर्थ छे। आ० पी० परमार कहेछेके अहीं कुरकुटेश्वरजीनुं तीर्थहतुं वढवाणशहेर तथा कॅंप ( वढवाणजंक्सन ) मां भव्यजिनालयो छे अहीं पोस्ट ऑफिस छे। तारऑफिस Wadhwan छे।

*गिरनार-गिरि*—जुनागढ़ स्टेट मां मुख्यशहर जुनागढ़ छे J. S. रेल्वे छे। स्टेशन २ माइल दूर छे। वाहनो मले छे। पोस्ट ऑफिस छे। तारऑफिस Junagadh. छे। शहेर थी ४ माइल दूर *तळाटी* छे। ज्यां भाताणी सगवड छे। धर्मशाला छे। अहींथी पत्थरना पगथीआवालेरस्ते थइ गीरनार पर्वत उपर जवाय छे। गिरनारपर २२ मा तीर्थंकर श्रीनेमिनाथ भ० ना दीक्षा-केवल-अने मोक्ष एम ३ कल्याणको थया छे। पर्वत उपर विशाल जगामां पथराएल अनेक सुन्दर जिन मन्दिरो छे। ४ टुंको अने सहस्राम्र वनमांपण देरीओ छे। मूलनायक नेमिनाथ भगवान छे। पांचमी टुंके वरदत्त-

गणधर ना पगलां छे । तलाटीनो सडकपर प्राचीन प्रियदर्शि राजानाशि लालेखनो पत्थर छे ।

गीरनारनी नजिकमां वणथली धोराजी वेरावल मांगरोल विगेरे स्थानो छे।

*प्रभासपाटण*—जुनागढ़ थी प्राची रेल्वे रस्ते वेरावल शहेर जवाय छे । वेरावल बन्दर छे । पोस्ट आफिस छे। तारओफिस Veraval छे। अहीं २ जिनालयो छे । वेरावल थी ट्रामरस्ते—मोटर रस्ते मा० ३ दूर Prabhas Patan प्रभासपाटण नामे पुराण नगर छे । तीर्थ छे, अहीं जैन वस्तो धर्मशाला, तथा १, २, ८, ६, १६, १६, २२, २३, २४ भ० नां प्राचीन भोंयरावाला विशाल ६ जिनालयो छे । यात्रिकोने भातु अपाय छे । मूलनायक सोमनाथ—चन्द्रप्रभु छे । पोस्ट ओ० तार ओ० छे ।

*अजारा*—जुनागढ़ स्टेट मां वेरावलथी कोडिनार—उनाथइ २५ कोष, कुण्डलाथी २५ कोष, उनाथी १। कोष, दीव थी ५ कोष, अने महुवा बन्दरथी ३० कोष *अजयपुर* तीर्थ छे । वेरावल थी स्टीमर द्वारा दीव बंदर आवी वहाणद्वारा खाडी ओलंगी *घोघला* थइ मोटर रस्तेपण अजारा आवी शकाय छे । अहीं मूलनायक भगवान पार्श्वनाथनी मूर्ति छे । जे १६ लाख वर्ष नीजुनी अति चमत्कारी छे । गाममां पादरमांज एक विचित्र प्रकारनी वनस्पतिना छोड़ छे ।

आ तीर्थनी पंचतीर्थि मां उनाशहर मं० ५, देलवाडा चिंतामणीपार्श्व मं० १, दीवबन्दर नवलखा पार्श्वनाथ मं० १ अने कोडिनार छे । कोडिनार अम्बिका देवीनु तीर्थहतु हाल मन्दिर नथी । विच्छेद छे । उनामाँ जगद्गुरु श्रीहीर विजय सूरिनु स्वर्ग गमन थयु छे। तेथो तेमनी मूर्त्ति तथा शाहीबागमां तेमना अग्नि संस्कारनु स्थान अने देरीओ छे । आदरेक स्थानोमां मोटर रस्तो छे। वेरावल थी उनानो स्टीमर रस्तो छे । दरेक प्रकारना वाहनो मले छे । पोस्ट आफिस तारओफिस Una उना छे ।

वेरावलथी प्राची सुधीरेलवे छे, जेकोडिनार थइ उना सुधीलंबाशे

*बरेच*—माँगरोलथी पोरबन्दरनी मोटर सडकपर १३ कोष दूर, पोर

बन्दरथी १५ कोष अने जुनागढथी १६ कोष पर *बरेच* (बरेजा) गाम छे। मन्दिर छे। मूलनायक पार्श्वनाथ भगवान नी मूर्ति रेतीथी बनेल अरबी समुद्र-मांथीनीकलेल छे। बांटवा स्टेशन थी मोटर रस्ते बरेजा १८ माइल छे। पोष्ट आफिस तार ओफिस Bantva छे। मांगरोलमां नवपल्लव पार्श्वनाथ मं। २

*ढांक*——जेतलसरथी पोरबन्दर जती G. S. R (गोंडलस्टेट रेल्वे) ना पानेली स्टेशन थी मा० ६ *ढांक* गाम छे। आगाम नी पासेज शत्रुंजय तीर्थनु शिखर ढंक गिरि छे। अहीं प्रथम जिनालय हतु हालकें नथी। विच्छेद तीर्थ छे। स्टेट-गोंडल, महाल उपलेटा, पोस्ट ओफिस *ढांक* छे। उपलेटा मां घर मन्दिर छे। पानेली *कोलकी* मां शिखरबंधो मन्दिर छे। जन वस्ती छे। बरडाना डुंगरमां २२-२३ भ० ना मंदिरो, कोलम-गिरि मां मं० हता, हाल खंडेरो छे। ओखामण्डल वलइमां तथा द्वारिका मां पण प्राचिन तीर्थ हतुं, हाल कें नथी।

*जामनगर*——J. & D. जामनगर-द्वारका रेल्वेनु *जामनगर* स्टेशन छे। अहीं बन्दर छे। पोस्ट ओफिस छे। तारओफिस Jamnagar छे। जैन वस्ती मोटी छे। मंदिरो विशाल छे, वर्धमान शाहनु मंदिर चोकीनु मन्दिर विगेरेनी बांधणी अपूर्व मनाय छे। जेथी आस्थान तीर्थ न होवा छतां तीर्थ समान (अर्धशत्रुंजय समान) मनाय छे। यात्रिकोए अवश्य जवु। अहीं हरजि जैन शाला मां श्रीविनय विजयजी ज्ञानमन्दिर छे। जैन विद्यार्थी भवन छे। प्रताप महेल, बन्दर, विगेरे जोवा लायक स्थानो छे।

# कच्छ—विभाग

*भद्रेश्वर*—कंठी विभाग मां *मांडवी* बन्दर थी १५ कोष। *अंजार* स्टेशन थी १० कोष तथा *भूज* स्टेशनथी १४ कोष दूर समुद्रकांठे वसई गामनी नजीक मां प्राचीन भद्रेश्वरनी रमणीय भूमिमां जङ्गलमां आतीर्थ छे। मन्दिर नीबांधणी विशाल तेमज आकर्षक छे। अहीं मूलनायकना स्थाने वीर निर्वाण सं० २३ मां श्रीसुधर्मा स्वामिए अंजन करेल, देवचन्द्र शेठे भरावेल श्रीपार्श्वनाथ भगवान नी मूर्ति हती, जेहाल भमतीनी पाछली देरीमां विद्यमान छे। मूल नायक श्रीमहावीर स्वामी छे। आतीर्थनी आसपास वडाला-वांकी, पत्री भूवड विगेरे मन्दिर वाला गामो छे। पोस्ट आफिस अंजार छे। तार ओफिस Anjar छे, अहीं प्रथम बन्दर हतुं। मंदिर मां थांभला २१८ छे।

*सुंथरी*—मांडवी बन्दर थी १३ कोष पश्चिम मां *सुंथरी* गाम छे। विशाल जैन वस्ती छे। मंदिर छे तार घर Mandvi छे। घृत कल्लोल पार्श्वनाथनुं तीर्थ छे। तथा जखौ मं० ३, नलीया मं० ३, तेरा मं० २ कोठारा मं० ३, ए कच्छनी ( अबडासा ) नी मोटी पंचतीर्थिना गामो छे। वचमांपण प्रत्येक गाममां पुरती जैन वस्ती छे। भव्य जिनालयो छे। जेमां सोनानुं कलापूर्ण नकसीदार आलेखन छे।

*कटारिआ*—वागड विभागमां भचावथी १० कोष, लाकडीआथी ३ कोष सामखियालीथी ६ कोष पर महावीर भगवान नुं तीर्थ छे। चारेबाजुना गामोमां जैन वस्ति अने मन्दिरो छे। रापरमां चिंतामणी पार्श्वनाथनी, रत्ननी प्रतिमा हती।

*कच्छमां*—मोटा शहेरो। मांडवी मं० ६, ( अबडासो ) मुंद्रा मं० ४ ( कंठी ), अंजार मं० ३, भूज मं० ३, भचाव मं० १ (वागड ) विगेरे।

# गुजरात—विभाग B. B. & C. I. R.

*शङ्खेश्वर*—राधनपुर स्टेटमां हारिज स्टेशन थी ८ कोष, राधनपुर थी १७ कोष। अने पाटडी स्टे०थी १२ कोष पर ( यादवा स्थलीमां ) आ गाम छे। अहीं कृष्णवासुदेवे विराजमान करेल पार्श्वनाथ भ० नो पुराणो मूर्ति छे। मूल नायक शंखेश्वर पार्श्वनाथ छे। तीर्थ चमत्कारिक छे। मोटी धर्म-शालाओ छे। पोस्ट आफिस झींझुवाडा छे। तार ओफिस Harij छे। अहीं पंचतीर्थिमां दसाडा वड गाम तीर्थ ( पोस्ट-दसाडा, तार मांडल ) पंचासर झिंझुवाडा, समी, विगेरे गामो छे।

*मांडुक*—पो० थराद थी १२ कोष. गोडी पार्श्वनाथनु' चमत्कारिक तीर्थ ता० डीसा, ( बनासकांठा एजन्सी )

*पाटण*—अहीं १३२ थी वधारे जिनालयो छे। मुख्य मन्दिर गुर्जर पति वनराजे प्रतिष्ठित करेल पंचासरा पार्श्वनाथनु' मंदिर छे। तीर्थ रुप छे।

आ सिवाय—कोका, कलिकुंड, कंकण, धीआ, टांकला, दोलती, नारींगा, मनमोहन, भीडभंजन ( स्वर्णमूर्त्ति ), महादेवा, वलो, वाडी, शामला (जीगी वाड), भांकला, सहस्रफणा, अने सहस्रकूट पार्श्वनाथनां मंदिरो पण तीर्थ रूप छे। स्टे० पोष्ट आफिस तार आफिस Patan पाटण छे। स्टे० मा० २ छे।

चारुपमां शामला पार्श्वनाथ तीर्थ, चाणस्मामां भगतिआ पार्श्वनाथ तीर्थ अने धीणोज कंबोइ मोढरागांभू मां पार्श्वनाथ मं० छे। महेसाणा—पाटण-मेत्राणा। मेहेसाणा-चाणसमा-हारिज रेल्वे।

*उपरिआला*—वीरमगाम थी ६ कोष दूर नानु' गाम छे। खाराघोडा रेल्वेनु' स्टेशन छे। अहीं धर्मशाला छे। मूल नायक आदिनाथ भगवान छे। तीर्थ अर्वाचिन छे। पोस्ट आफिस वीरमगाम, तार आफिस Viramgam छे।

*अमदावाद*—अनेक जिनालयो थी शोभतो जैनपुरो, हठीभाइनी

वाडी यात्रानुं स्थान छे । स्टेशन पोष्ट ओफिस तार आफिस Ahmedabad खास तीर्थ छे । टेलिफोन छे । पुस्तक भंडार १३ छे ।

*नरोडा*—अमदावाद थी ३ कोष, पार्श्वनाथ पद्मावतीनुं तीर्थ छे, पोष्ट आफिस तार आफिस स्टेशन Naroda छे । धर्म० ३, सेने० १ छे ।

*भोयणीजी*—वीरमगाम थी महेसाणा जती रेल्वे ना घेलडा स्टेशन थी मा० ३, तथा अहमदावाद कल्लोल थी बेचराजी जती ( K. B. ) रेल्वे मां भोयणी स्टेशन पासे. धर्मशालाथी शोभतुं आ गाम छे । मूल नायक चमत्कारिक मल्लिनाथजी छे । पोष्ट ओफिस छे, तार आफिस Bhoyni छे । नजिक मां रामपरा पानसर विगरे यात्राना स्थलो छे ।

*पानसर*—अमवादादे टू महेसाणा रेल्वे लाइनमां पानसर-स्टेशन छे, पोष्ट आफिस तार आफिस Pansar छे । नजीकमां जंगलमां श्रीमहावीर भगवानुं अर्वाचिन तीर्थ छे । हवा पाणी सारा छे जेथी सेनेटरिअम जेवो उपयोग पण थाय छे । गाममां घर मन्दिर छे । अहीं थी कल्लोल ८ माइल थाय ।

*सेरिसा*—कल्लोल स्टेशनथी मोटर रस्ते मा० ३ अतिप्राचिन चमत्कारिक तीर्थ छे । तीर्थनायक पार्श्वनाथ छे, सेरिसानुं पुराणुं नाम *प्रज्ञापुर* हतुं, अने अहीं लोढण पार्श्व नाथनुं तीर्थ हतुं पोस्टआफिस कल्लोल छे । तार आफिस Kalol छे । अहीं थी पांच माइलपर *वामज तीर्थ* छे ।

*भिलडिया*—डिसाथी पश्चिममां १६ माइल पर पार्श्वनाथनुं तीर्थ छे । आ भीम पल्ली (ताम्र लीसो) मां राजा श्रेणिक आव्योहोवानुं कहेवाय छे । अहीं थी *सोमप्रभसूरि* ए प्रथम कार्तिकमां सहेतुक विहार कर्यो हतो, भीलडी भांगी राधनपुर वस्युं छे । स्टेशन डीसा, पो० ओ० डीसा, तार ओफिस Deesa डिसा, *रामसेन* तथा जसालिमां पण मन्दिरो छे ( बनासकांठा एजन्सी ) पोष १० मेलो, डीसा म० २, गांभुमां गंभिरा पार्श्वनाथ छे ।

*मेत्राणा*—महेसाणा-पाटण-कांकसी मेत्राणा रोड ब्रांचनुं आस्टेशन छे । तीर्थ छे, पोष्ट छे । तारओफिस Metrana Road छे । अहीं थी पाटण

मा० २८, पालनपुर मा० २६ मं० ११ सिद्धपुर मा. ११ थाय, सिध्धपुरमां मं. २ मुलतानापार्श्व जिन तीर्थ छे। पालनपुरमां पल्लवपार्श्वनाथ छे।

*आबु ( देलवाडा )* B.B & C. I. R. नाआबुरोड स्टेशन थी (खरेडी गाम थी ) मोटर रस्ते १८ माइल पर्वत उपर आबुकांप छे। ज्यांथी १॥ माइल दूर *देलवाडा* तीर्थ छे। मं. ५ छे। जगतमां प्रसिद्ध पामेली कोरणी वाला मंत्रि-विमलशाह—वस्तुपालना मन्दिरो अहीं छे। अहीं थी बलद गाडीरस्ते-पग रस्ते माइल ५ नाचढावे, अचलगढनी टेकरीपर पण जिनालयो छे, अचल गढ थी माइल२ दे. थी माइल ५ दूर *ओरिआ*मां जैन बस्ती छे, जिनालय छे, आबु पर्वत-सिरोही स्टेटमां अरवली थी ७ माइल पश्चिममां ३००० फीट उंचो छे, ऊपर जवाना टुंका रस्ता अनेक छे, शिरोहीथी हनादरा थइने पण ऊपर अवाय छे मुकाम देलवाडा, पोष्ट आबू। तार ओफिस Abu छे, तीर्थ टेक्स १=)॥। देलवाडानो वहिवट शिरोही संघ करे छे अचलगढ नोवहीवट रोहिडानो संघ करे छे।

*कुंभारिया*—आबूरोड स्टेशन थी दक्षिणे बेलगाड़ीना रस्ते १२ माइल दूर अंबाजी छे त्यांथी पूर्वमां पग रस्ते मा० २ दूर आ तीर्थ छे. मं० ५

**तारङ्गागिरि**—महेसाणा थी तारंगा हीलनी रेल्वे छे। तारंगाहील स्टेशन थी ३ माइल दूर *तारंगा* नीटेकरी छे। टेकरीपर कलिकाल सर्वज्ञ श्रीश्रीहेमचन्द्रसूरिना उपदेश थी श्रीसोमप्रभसूरि तथा गुर्जरेश्वर कुमारपाले प्रतिष्ठित करेल अजितनाथनुं तीर्थ छे मन्दिर पत्थर तथा केगना लाकडा थी बनावेल ३२ मालनुं छे, पोष्ट ओफिस तारंगाहिल छे, तारओफ़िस Taranga hill. D. K, Mahikatha छे।

**वडनगर**—महेसाणाटु तारंगा हील लाइनमां विशनगर स्टेशन तथा वडनगर स्टेशन छे, विशनगरमां ८ मंदीर छे, वडनगरमां ४ (५) छे, आदिनाथ नुं तीर्थ छे, कल्पसूत्र प्रथम अहींज आनन्दपुरमां वंचायुं छे। शत्रुंजय नीपु-

राणीतलावथी अहीं मवाती हवो, पोष्ट ओफिस छे। तार ओफिस Vadanagar छे।

इडरगढ़—अमदावाद टू प्रांतिज—खेडब्रह्म रेल्वेमां इडर स्टेशन छे शहेरपुराणुं छे। ६ जिनालय छे. तेनीपासे गढ ऊपर शत्रुंजयावतार—उज्जयंतावतारना ३ जिनालयो छे, तीर्थ छे. पोष्ठ ओफिस छे. तार ओफिस Idra छे। हींमत नगरथी मोटर रस्ते पण अहिं अवाय छे। (जुओ, मुहरी, )

पोसिना—इडर थी माइल १० दूर पार्श्वनाथनुं तीर्थ छे। वडाली—तारंगा थी पण अहीं अवाय छे। पोष्ट ओफिस तार ओफिस Idar छे।

मातर—नडियाद के महेमदाबाद स्टेशन थी, मोटर रस्ते माइल १० दूर Kaira—खेडाशहेर छे। अहीं ६ मन्दिर छे। खेडा थी २ कोष दूर साचादेव श्री सुमति नाथनुं मातर तीर्थ छे। पोष्टओफिस मातर, तार ओफिस Matar. खेडामां भीडभंजन पार्श्वनाथ—अमीझरा पार्श्वनाथ छे।

खम्भात बन्दर—आणंद टू खंभात रेल्वे स्टेशन पासे पुराणुं शहेर छे बंदर छे, अहीं ८० जिनालय छे, पुष्काल जैनो छे, प्राचिन जैन भंडारो छे। पोष्ट ओफिस छे, तार ओफिस छे स्तम्भन पार्श्वनाथनुं तीर्थ छे। Cambay.

कावी—B. J. (भरुच-जम्बुसर-कावी) लाइननुं कावी स्टेशन छे पोष्ट ओफिस छे,तार ओफिस Kavi छे। अहीं ऋषभदेव तथा धर्मनाथ भगवानना बावन जिनालय २ मन्दिर छे। अहींथी खम्भात मा० १४ ( २२ ) गंधार मा० ३० थाय, जंबूसर मा० १६ थाय।

गंधार—भरुच थी १७ कोष दूर, आमोदथी १० कोष पर वर्धमानस्वामी तथा अमीझरा पार्श्वनाथनुं तीर्थ छे। जगद्गुरु श्री हीरविजयसूरि अहीं थी दिल्ली गया हता। पोष्ट ओफिस आमोद, तार ओफिस Amod.

डभोई—वडोदराथी रेल्वे तथा मोटर रस्ते २७ माइल पूर्वमां डभोई शहेर छे। मं० ८ छे लोढी पार्श्वनाथनुं तीर्थ छे। अहीं वाचकवर्य श्रीयशोविजयजी महाराजनुं स्वर्गगमन थयुं छे। तेना अग्नि संस्कारना स्थाने

पादुका छे। पोष्ट ओफिस छे तार Dabhoi छे। बडोदरमां मं० १७ छे।

डभोइ सिध्धराजे वसावेल छे. पावागढमां संप्रति कालना लोडभंजन (दादा) पार्श्वनाथ हता, जे हाल बडोदरामां छे।

**भरुच** —B. B, & G. I. R. नु भरुच स्टेशन छे, शहेर छे, बन्दर छे अहीं पोष्ट छे। तार ओफिस Broach. छे। टेलिफोन छे, तीर्थनायक मुनिसुव्रत स्वामी छे अहिनजिक मां अश्वावबोध तीर्थ-शकुनिका (समली) विहार तीर्थो हता, जे विच्छेद गया छे। एक मसीदमां प्राचिन जिनालय होवानुं स्पष्ट चिन्ह छे।

**जघडिया**—अंकलेश्वर टु राजपिपला रेल्वेमां जघडिआ स्टेशन छे। पासे गाममां आदीश्वर भ० नुं तीर्थ छे। अहींथी भरुच माइल १७ सुरत माइल ७० थाय। सुरतमां जिनालय ४५ छे।

**अगाशी** —मुम्बइनी उत्तरे ठाणाजिल्लामां B. B· & C.I. R. नावीरार स्टेशन थी ४॥ माइल दूर समुद्र पासे अगाशी गाम छे। पोष्ट ओफिस टेलिफोन छे, तार ओफिस Virar छे। जिनालय १ छे। मुम्बईना जैनो खास यात्रा माटे आवे छे। मुंबइ मा० ४० थाय, वीरारमां फोन, छे।

नावासोपारा नां तलावमां मूर्त्तिओ हती, शासनदेवीए समुद्रमां मोतिशाना वहाणथंभी ए वृतांत जणाव्यो, जेथी मोतिशाशेठे सोपालाथी मूर्त्ति लावी अगाशीमां नानुं मंदिर बनावी प्रतिष्ठा करी। पछीथी संघे ते मंदिरनो जिर्णोध्धार करी मोटुं बनावेल छे।

# मालवा मेवाड़ मारवाड़ रजपुताना विभाग

## B. B. & C .I. R.

*भोपावर*—दाहोद स्टे० थी कोष १६ दक्षिणमां, धारथी कोष+ पश्चिममां, तथा सरदारपुर (राजगढ़) थी कोष २ दूर गीच झाडीमां शांतिनाथनुं तीर्थ, मूर्ति १० फुट खडगासन छे पोष दशमे मेलो भराय छे ( कुकसीथी कोष १२ बावनगजामां ३० हाथ ऊंची दि० आदिनाथ नी मूर्त्ति छे ) मालवा।

*मोहन खेडा*—राजगढ़ ( मालवा ) थी कोष २ तीर्थ, मं २।

*मांडव गढ*—R. M, R ना मउ स्टे० थी कोष १६ धारथी कोष १२ पश्चिममां पर्वत ऊपर गाम छे मोटरथी जवाय छे तीर्थपति सुपार्श्वनाथ जी, हाल अहीं मूलनायक धातुना शांतिनाथ भ० छे पडखे सुपार्श्व नाथ भ० छे स्टेट-धार ( मालवा ) पोष्ट ओ० *नालछा* छे।

वलयाकृति ३ पहाड़नीवच्चे आ गाम छे, मंत्री पेथड—झांझण अहीं थएल छे, शांतिनाथनी प्रतिमा सोनानी मं० टोडरमले, वि० सं० १५४७ मां भरावेल छे।

*उज्जेन*—आ रेल्वे लाइन नुं जंक्शन छे पुराणुं शहेर छे पोष्ट ओ० छे तारघर Ujjain छे श्रा० घ १०० छे मं० १७ छे अवंती पार्श्वनाथनुं तीर्थ छे, स्टेट—ग्वालियर ( सिंधिया ) मालवा।

*मक्षिजी*—उज्जेन थी पूर्व मां १२ कोषपर मक्सि गाम छे G I. P. R. नु स्टे० छे पोस्ट छे तार ओo Maksi छे स्टेट ग्वालियर ( मालवा ) पार्श्व-नाथनुं तीर्थ छे श्रा० घर १२।

*सेमलिया*—B B &. C·I·R·नी अजमेरथी खंडवाजती R.M.(रजपुताना मालवा ) रेल्वे मां Rutlam. रतलामजंक्शन छे अहीं पोष्ट ओ० छे तार छे, जैनवस्ती छे, मं० ९ छे शहेर छे, रतलामथी मा० २ दक्षिणे करमदी मं० २

पश्चिम मा० ४ बीबडोद केसरिआ जीनु मं० १, अने खांचरोदमां अनेक मन्दिर छे।

इशानमां १० माइलपर सेमलियर मां शांतिनाथनु तीर्थ छे ज्यांमूर्त्ति ना खभेथी भा० शु० २ दिने दुधनी धारा नीकले छे, सेमलीयाथी जावरा मा० १३।

( वडवाणी—मोटर रस्ते महुथी ४० तथा धारथी २५ कोष दक्षिण माँ बडवाणी गाम छे श्वे० मं० नथी, अहींरावण-कुंभकरणनी पादुका छे पोष्ट ओ०, तार ओ० Barwani छे, स्टेट-इंदोर, )

( कुंडलपुर—G. I. P. R. ना दमोह स्टे० थी मा० १४ पहाड़ी पर माइल २ ना विस्तारमां जिनालयो छे. ) भ० पार्श्वनाथ, भ० महावीरना मंदिरो मूख्य छे। दि० यात्रिको खास जाय छे।

मंदसोर—R.M.R मां मंदसोर स्टेशनछे, पो० ओ० छे, तार ओ० Mandsor छे, जैनवस्ती छे, गाम नुं जुनुं नाम दशपुर छे,।

वहीं—R.M रेल्वेना Tharod थडोद स्टे० थी मा० १॥ मंदसोरथी माइल १८ उत्तरे वही पार्श्वनाथनुं तीर्थ छे, वाहनोमले छे।

चित्तौड़गढ़—R. M. R. मां चित्तोड़ जंक्शन छे। मेवाड़ मां प्रसिद्ध चित्तोड़ना किल्ला मां पुराणा जिनाल यो छे। अहीं थी उदेपुर स्टे० मा० ७०, करेडा स्टे० मा० २६ थाय, पोष्ट ओ० के तार आफिस Chitor छे।

चित्तोड़मां प्रताप राणा पूजित नागफणा पार्श्वनाथ तथा मनोरथकल्पद्रुम पार्श्वनाथ नुं तीर्थ छे।

करेडा R. M. R. नी० ब्रांच U. C. (उ० चि०) लाइनमां करेडा स्टेशन थी १ माइल दूर ५२ जिनालय मंदिर छे स्टेशनपरथी देखाय छे। अहीं उपसर्गहर पार्श्वनाथनुं सं० १३४४ नुं आचार्य धर्मघोषसुरितथा मंत्री जांझण कुमार प्रतिष्ठित तीर्थ छे। २ मेला भराय छे। Karera

देलवाड़ा—U. C. रेल्वेना खेमली स्टेशन थी ३ माइल दूर उदेपुर

थी उत्तरमां ७ कोष दूर प्राचिन जिनालयोना नगर सरिखुं देलवाड़ा (देवकुल पाटक) शहर छे। हाल मं० ४ छे। वैशाख शुदि १५ मेलो भराय छे। अहीं थी ९ कोष दूर दयाल शाहनुं भव्य मंदिर छे।

**केशरियाजी**—उदेपुर स्टेट मां U. C. (उ० बि०) रेल्वेना उदयपुरथी मोटर रस्ते मा० ४० दूर धुलेवागाम छे। तीर्थ नायक चमत्कारिक केशरिया आदि नाथछे। अहीं केसर नी मानता-पूजा घणी थाय छे। फागणवदी ८ मेलो भराय छे। पण्डयानोत्रास पुष्कल छे। पोष्ट Rakabdeo ऋखबदेव ता। ओं० Kherwara छे। अहीं (मेवाड़) नीपंच तीर्थी मां देलवाड़ा तीर्थ, खाम खोर, राजनगर ना पहाड़पर शामलिया पार्श्वनाथ तीर्थ, अदबदजीना ५२ जिनालय मंदिरो तथा ७ फूट उंचा अदभूत शांतिनाथ, समीमां पार्श्वनाथ, मदार करेडा केलवा कुंभलमेर विगेरे अनेक यात्राना स्थलो छे। उदेपुरमां मं ३५ छे। Udai Pur.

**मुहरी**—शामलाजी पासे मुहरी गाममां पार्श्वनाथनी २७ अंगुलनी सफेद मूर्ति नीकली हती, ते हाल सं० १८०१ थी, महीकांठा एजन्सीमां इडर राज्यमां टीटोइ गाममां छे, जे गाम अहमदाबादथी केसरिआजी जता पग रस्ते छे।

उदेपुरथी मा० २ समीना (खेड़ा) मां पार्श्वनाथ तीर्थ छे।

**मुंडस्थल**—(मुंगथला) मेवाड़मां आबुरोड जं० थी पश्चिम मां ४ माइल पर मुंगथला गाम छे, अहीं भ० महावीर छद्मस्थावस्थाना ५-७ मेवषे विहारकरी पधार्या हता, तेथी तीर्थ छे, जीवित स्वामीनुं मंदिर हतुं, जेनो छेल्लो जिर्णोद्धार वि० सं० १४२६ वै० शु० १२ रविवारे थयाना लेखो मले छे हाल कैं नथी खंडेरो छे। विच्छेद तीर्थ छे।

**आबुरोड**—(खरेडोमो) पासे उंबरणी, चंद्रावती, पश्चिम तरफ मा० ४ मुंगस्थला, मा० ८ गीरिवर, मा०१५ दताणी विगेरेमां १२-१३ सदीना जिना-लयना खंडेरो छे। गीरीवर मां पाटनारायण विष्णुमन्दिर मां जिनालयना

दरवाजा तथा बार साख लगावेला मौजूद छे । दताणीनी उत्तरे धवली मां मं० १ छे श्रा० घरछे। ( जुत्रो श्राबु गुजरात )

**अंजारी** —B. B. & C. I रेल्वेना पींडवाड़ा स्टेशन थी मा० २ दक्षिण तीर्थ छे। पासे मीरपुर मां आरसना मं० ३ छे, स्टे० थी १ माइल दूर Pindwara पींडवाड़ां शहेर मां श्रा० वस्ती छे। मं० २ छे। धर्म० २ छे।

**बामनवाड़ा**—पींडवाडा थी मा० ४ शिरोही थी मा० १० दूरगाम छे। भ० महावीरना कानना खीलाना उपसर्गनुं तीर्थ मनाय छे (?) ५२ जिनालय मंदिर छे। रेतीनी मूर्ति छे पहाडीपर वीर-पादुका छे फागण शुदि ७ थी १४ मेलो भराय छे। शिरोही मोटर सर्विस छे।

**नांदिया**—पीडवाडा स्टे० थी मा० ५ बामनवाडा थी दक्षिणमां मा० ६ शिरोही थी मा० १४ अने आबुनी नोचे पहाडीनी वचमां आ गाम छे, जेनुं प्राचीन नाम नंदगिरी तथा नन्दीश्वर चैत्य छे। मं०२ तीर्थनायक जीवित स्वामी भ० महावीर छे अहीं चंड कौशिक नागनुं स्थान पण छे, मा० ६ दूर लोटाणा तीर्थ छे।

**शिरोही**—स्टेटनुं मुख्य गाम शिरोही छे,पींडवाडा स्टे० थी पश्चिममां मा० १५ थाय, पो० ओ० छे तारघर Sirohi छे, शहेर मां तीर्थसमा जिनालय १७ छे मं १२ तो एकजपायापर छे। बामनवाडा, नांदिया, नाणा बेड़ा (महावीर) वीरवाड़ा, सनवाडा कालंद्रि, तखतगढ़ मं० ५, मीरगढ़ विगेरे शिरोही—आबुनी पंचतीर्थिना गामो छे। मोटर सर्विस शरु छे।

**जीरावला**—शीरोही इलाका मां डीसाथी उत्तरे मा० ५४ मढारथी उत्तरे मा २२ आबुथी पश्चिममां मा० १८ जीरावल गाम छे अहीं थी मा० १ दूर जीरावल अने श्वेरवाडानी वच्चे जंगलमांजीरावला पार्श्वनाथ नुं प्रभाविक तीर्थ छे ५२ जिनालय मंदिर छे भा० शु० ४-६ मेलो भराय छे। (घाणेराव, नांदोल अने जो टाणापासे बलाल मां पण जिरावलापार्श्वनाथ छे।)

**हमीरगढ**—शिरोही थी नैऋत्य मा० १० दूर तीर्थ मं० ३ हमीरपुर।

**बीजापुर**—बेड़ा स्टे० थी मा० २ डुंगरपर लाल महावीर तीथ—

**शेशली**—पो० सादरी थी मा० ११ पोष्ट लुणावेथी मा० २, बालि थी दक्षिण मा० ४ पार्श्वनाथ तीर्थ। वि० सं० १२१२ माँ स्थापित।※

**सादरी**—B. B. & C. I रेलवेना राणी स्टे० थी गाड़ी रस्ते मा० १०, फालना स्टे० थी मोटर रस्ते मा० १४ सादरी शहेर छे। पोस्टओफिस छे तार गाम RANI छे चमत्कारिक चिंतामणिपार्श्वनाथ आदि मं० ४ छे। आ० घर ३०० छे। मारवडानी पंच तीर्थि नुं मथक छे। खुडालामाँपण मं-छे।※

**राणकपुर**—सादरी थी मा० ३ जङ्गलमाँ आलिशान तीर्थ छे मं० ३ छे, धन्नाशाह पोरवाले बनावेल सर्वथा श्रेष्ट भव्य आकर्षक सुंदर मीणाकारी थी पूर्ण १४४४ थांभ वावालुं नलीनो गुल्म त्रिमानसमुं गगनचुंबी त्रैलोक्य दीपक जिनालय छे। जे तीर्थ छे, फा० व० १० तथा आसो शु० १३ मेलो भराय छे।

**घाणेराव**—सादरी थी मा० ७ दुर तिर्थ छे तार ओ० Falna छे आ० घर छे। मं० १० छे, अहीं थि मा० २ जंगलमाँ प्राचिन जिनालय छे ज्यां नन्दिर्वधन राजाए भरावेल भ० महावोरनी प्रभावशाली मूर्ति छे। गु०का०व० १ मेलो भराय छे। तीर्थनायक मूछाला महावीर छे।※

**देसुरी**—घाणेराव थी माइल ४ पर देसुरी छे। आ० वस्ती छे मन्दिर ३ छे। पोष्ट ओफिस छे। तार FALNA मारवाड जं० थी पूर्व-दक्षिण-नैऋत्य-पश्चिममां थइ सांडेराव जं० सुधी जोधपुर रेल्वे ( मीटर गंज ) थनार छे जेमां—गुडासर सींव, देसुरी, घाणेराव सादरी, सेवारी, शेशली, अनेबाली विगेरे स्टेशनोथशे।※

**नाडुलाइ**—देसुरी थी माइल ४, राणी थी माइल १० (१४) नाडुलाइ गाम छे। पो०ओ० देसुरी,आ०नी वस्ती छे। मं०९। शत्रुंजय टेकरी अने गीरनार

टेकरीपर एकेक मन्दीर छे, तीर्थ छे, आदिदेवनी मूर्ति-प्रभावक छे। आ आचार्य श्री विजय सेन सूरिनी जन्म भूमि छे।

नाडुल—नाडुलाइथी मा० ६ राणीथी मा० ६, सादरी थी मा० १० नाडुल गाम छे प्राचिन मन्दिर ४ अहीं मानदेवसूरिए शान्तिस्तोत्र बनावेल छे। अहीं थी नाडुलाइ सधी भोंयरु छे, ( पोष्ट छे ) स्टेशन राणी, तार ओफिस Rani

वरकाणा—रानी स्टेशनथी माइल ३, नाडोल थी मा० ६ पर तीर्थ ५२ जिनालय मन्दिर छे। तीर्थ नायक पार्श्वनाथ छे। अहीं पार्श्वनाथ विद्यालय छे पोष्ट रानी स्टेशन तार Rani अहीं थी विजोवा मा० १ सांडे राव मा० १

सोमेश्वर—B. B. & C. R. सोमेश्वर स्टेशन पासे गाममां तीर्थ

कोलार—एरनपुरा स्टेशननी दक्षिणे आतीर्थ छे।

वीठुरा—B. B.& C.I.R. मारवाड जं० थी माइल २ विठुरा गाम छे, अहीं वि० सं० १९३९ द्वि० आ० शु० ११ दिन गोडिजी प्रकट्या हता तेस्थानपर नवुं मन्दिर बंधा वेल छे धर्मशाला छे।

मारवाड जं० थी पाली स्टेशन मा० २०, जोधपुर स्टे० मा० ४५

पुसलिया—B. B. & C. I, R. ना एरन पुरा रोड स्टेशनथी माइल ५ ERINPURA, CANT. एरन पुरा छावणी छे। तार छे, पो० ओ० छे पूर्व मां लगतुंज शिवगंज शहेर छे मन्दिर १ छे। शिवगंज थी माइल ६। पश्चिममां पोसलिया पार्श्वनाथनुं तीर्थ।

कोरंटागीरि ( कोरटा )—

एरनपुरा रोडथी पश्चिमे मा० १२, एरनपुराकॅंप—शिवगंजथी मा० ६ गुडा ( बालोत्रा ) थी अग्निमां मा० १४, जोधपुर स्टेटमां, वाली परगणामां, वांकली ना ठाकोर रामसिंहनावंशना अधिकारमां कोरंटागाम छे अहीं सं० १२५२ मां महातार्किक श्री वादिदेव सूरिए चोमासुं करी मंत्रि नाहड तथा मंत्री साहगना ५०० कुटुंबोने जैनबनाव्याहता, ते पहेलां पण तेओए बीजा

२०००० कुटुंबने जैन बनाव्याहता आ नगर ना नामथी कोरंटगच्छ तथा सं १५१५ मांकोरंट तपाशाखानो प्रादुर्भावथयो हतो, जेगच्छ-शाखा हाल नथी आनगरना पुराणनामो कणयापुर कोलापुल कोरटक विगेरे छे, हालकोरंटा नामछे. अहीं मा० घर ६० धर्मशाला उपाश्रय मं० ४ छे एरन पुरारोडथी मोटर विगेरे वाहनो मलेछे रस्तो सारो छे।

आतीर्थमां कोरंटाथी तथा धोलागढनी पहाडी थी मा ३/४ दक्षिणमां नह रवा स्थानमां (१) भ० महावीर स्वामीनुं मंदिर छे श्रीरत्नप्रभसूरि (छट्ठा) ए ओशियामां भ० महावीर स्वामीनी प्रतिष्ठा करी ते दिवसे तेज लग्नमां जीवित स्वामी भ० महावीरजी प्रतिष्ठा करी हति सं० १७२८ आ० शु० १ दि भट्टारक विजयप्रभसूरि शिष्य पं० जय विजय गणीना उपदेश थी श्रीसंघे जिर्णोध्धार करावीते मूर्तिनास्थाने नवीन वीर मूर्तिनी प्रतिष्ठा करी हती। तेपण खंडित थवाथी हाल मंडपमां एक तरफ ताक नीचे स्थापेल छे। अने मूलगादीए सं० ११५९ वै० शु० १५ गुरु दिने नवीन भ० महावीरनो मूर्तिनी स्थापना थइ छे। अहीं सं० ११४३ विगेरे वर्षोनी संकडो मूर्तिओ जमीनमांथी मली आवो छे।

धोलागढनो ढालू जमीनपर धोलापत्थरनो पहाडोमां मंत्री महाड तथा मं० साहगना कुटंबे बनावेल (२) शांति नाथ तथा (३) ऋषभदेवनां मंदिर छे, अहीं पण हाल अर्वाचिन मतिओ छे, कोरटाजीना पूर्व फलापर (४) भ० ऋषभदेव स्वामीनुं तद्दन अर्वाचिन मंदिर छे० अहीं कातिकी चैत्री पुनमे मेलो भराय छे।

मादडी—एरनपुरा रोड थी मा० २६, जालोर स्टे० थी मा० १५, गुडा (बालोत्रा) गाम छे। श्रावक ना घर छे, मं० ३, अहीं थो मा० २ दयालपुरा मां मादडो तीथ छे, मा० ३॥ चरली तीर्थ छे मा० ७ पावठामां आदिजिन मंदिर छे। पो० गुडाबालोत्रा—प्र० जालोर (मारवाड)

स्वर्णगीरि—जोधपुर रेल्वेनी लुणी टु करांची लाइनमां समदडी जं० थी

मा० ३७ दक्षिणे जालोर स्टेशन छे। एरनपुरा रोड मा० ३८, जोधपुर मा० ७० थाय। पोस्ट छे तार ओफिस JALOR छे। श्रावक घरो छे। मन्दिर ११ (१४) छे। जालोर पासे सोवन गढ पर्वतमां १—चौमुख अष्टापदावतार २—यक्षवसति महावीर अने ३ पार्श्वनाथ मन्दिर विगेरे विशाल चैत्यो छे। तीर्थ छे। अहीं भाद्र शुद कृ० ०) ) तथा महाशु १ दिने मेला भराय छे।

**सवणा**—शिरोहीथी मा० १० जावाल शहेर छे मं० ४, श्रा० छे, पोस्ट छे, स्टेटशिरोही। बारलूटमां मं० २ छे। जावालथी वायव्यमां मा० १०, तथाजालोर-पो० बागराथी दक्षिणे नदी कांठे सवणा तीर्थ छे। स्टेट—जोधपुर।

**भिन्नमाल**—( श्रीमालपत्तन ) धानेरा थी उत्तरमां माइल ६० जिल्ला जालोरथी बागराथी नैऋत्यमां वीरतीर्थ पोष्ट छे। स्टेट जोधपुर।

**भांडवा**—भीन्नमाल थी माइल ५०, जालोर थी माइल ४८, भ० महावीरनु आतीर्थ छे, मेंगलवा तथा सायला मां पण मोटा जिना लयो छे।

**सांचोर**—भीलडीया थी माइल ६०, धानेरा थी माइल ३४, पर वीर तीर्थ छे। आतीर्थ पतिनी स्तुति जग चिन्तामणि चैत्यवन्दनमां छे। पोष्ट छे। ( राजपूताना-मारवाड़ ) स्टेट जोधपुर। अ हीं थी डिसा० मा० ८०।

जोधपुर रेल्वे मां समदडी जं० थी दक्षिणमां जालोर—भिन्नमाल-सांचोर-एरन पुरानी अथवा डीसानी रेल्वे लाइन थाय छे।

**नाकोडा**—जोधपुर रेल्वेनो लुणीटु करांवी लाइनमां बालोत्रा जसोल जं० छे। मोटुं शहेर छे। पोष्ट छे तारओफिस Balotra छे (इलाको-मालाणी)

अहीं थी मा० ६ दक्षिणे नाकोडा गाम छे। मा० घर-२ छे। मं० २ छे जेमां सं० १२०३ विगेरे वर्षनाकाउसग्गिया छे। त्रिजु मंदिर वीरमपुरमां देखाय छे। नाकोडानु मूलगामवीरमपुर हतु। तीर्थ छे। पोषो १० मेलो भराय छे।

**फलोधी**—मारवाड थी नीकलती जोधपुर रेल्वेनी जोधपुर टू मेडतारोड लाइनमां मेडता रोड जक्शन छे, अहीं जंक्सन पासेज फलोधि पार्श्वनाथनु तीर्थ

छे, अहीं सं० १२२१ मां धर्मघोष सूरिप्रतिष्टित २॥ हाथनी जिनमूर्ति छे। श्यामलेप छे,भमतीमांदेरी २४ छे। पोष दशमी ए मेलो भराय छे। पो० श्रो० मेडता, तार श्रो० Merta road छे अहींथी मा ४, मेडतामां मं० १४, माणिभद्रनी मूर्ति, परम यागी आनन्द घनजी म० नी स्वर्ग भूमि, श्रा० घरो छे।

**कापरड़ा**—J. R नी जोधपुर टू मेडता लाइनमां पीपाडरोड जं० थी दक्षिणमां बीलाडा लाइन जाय छे,पीपाडरोड जं० थी मा० १३ सेलारी स्टेशनछे मेडता रोड थी मा० २०, पीपाडशहेर थी मा० ७ सेलारी स्टे० थी मा० ४ अने बिलाडा थी मा० १३ दूर कापरडा गाम छे पार्श्वनाथनुं चार मालनुं चोमुख मन्दिर छे। सं० १६७८ वै० शु० १५ सोमस्वातिए प्रतिष्ठा थइछे। भगवाननुं बीजु नाम स्वयंभू पार्श्वनाथ छे। तीर्थ छे, अहीं एवो लोकमान्यता छे के "जेवर्ष आ मन्दिरपर मोर बेसे ते वर्षे अवश्य दुकाल पडे" अहीं जवा माटे वाहनो मले छे, पोष्ट पीपाड, तार श्रो० PiPar (स्टेट जोधपुर) पीपाडमां० शांतिगोडीमं० २, बीलाडामां मन्दिरो छे।

**ओशिआ**—जोधपुर रेल्वेनी पुष्कर-फलोधी लाइनमां जोधपुर थीमा० ३६ उत्तरमां ओशिआगाम छे स्टे० छे पोष्ट छे, तार श्रो० Oasian छे अहीं भ० महावीर स्वामी नुं २५०० वर्ष नुं तीर्थ छे विद्यालय छे, ओसवाल वंश नी स्थापना अहींथएल छे कुलदेवी सच्चाइनुं मंदिरपण छे जोधपुर मांम० १०, पुष्कर फलोधीमां जिनालयो ५ छे तीवरीमां तीवरी पार्श्वनाथ मं० ना खंडेरो छे

**जेसलमीर**— J. R ना लुणी टू० करांची लाइनना बाडमेर स्टेशन थी मा० ६० J. R. ना पुष्कर फलोधी स्टे० थी मा० ६० दूर भाटिनुं प्राचीन शहेर छे, मोटर सर्विस चालू छे, पोष्ट छे, तार श्रो० Barmer छे अहीं श्रावकना घरो छे, प्राचीन मं० ८ छे अमुल्य ज्ञानभंडारो छे, बजारमां चित्रावेल छे।

**लोद्रवा**—जेसलमेर थीमा० १० दूर लोद्रवा गाम छे अतिचमत्कारिक भ० पार्श्वनाथ नुं तीर्थ छे।

**हालाकुण्डी**—सिन्ध हैद्राबादमां हालाकुण्डी गाम छे, धर्मशाला छे,

सं० १४३० नु' पार्श्व मन्दिर छे। बीजु' मन्दिर गोडि पार्श्वनाथनु' सं० १८२० मां बनेल छे। श्रा० घर छे।

अलवर—B. B. & C. I. R, नु' अलवर स्टेशन छे। जयपुर दिल्ली ना मोटर रोडपर राजधानीनु' शहेर छे, तार ओ० ALWAR छे। श्रा० छे।

उपाश्रय – मं० १। अलवर स्टेशन थी मा० २ अलवर शहेर थी मा० ४ पर रावण देहरा खंडेरमां जैन मन्दिरनु' खंडेर छे। अहीं रावण—मंदोदरीए प्रतिष्ठा करेल रावण पार्श्वनाथनु' तीर्थ हतु' हाले विच्छेद छे। जयपुरमां मं० ५ छे।

## दक्षिण-महाराष्ट्र सी० पी० बरोड विभाग

**कुंभोज**—दक्षिणमां मुंबइ इलाकामां M. S. M नी M C ब्रंच लाइन मां मीरजथीमा० १७ पश्चिमां,कोल्हापुरथीमा० १३ हाथकलंगडा स्टे० छे त्यांथी मा० २ उत्तरमां कुंभोज गाम छे,पोष्ट ओ० Kumbhoj कुंभोज छे. तार ओ० HAT KALANGDA. छे पासेज तीर्थ क्षेत्रबाहुबली पहाड़ ऊपर जगवल्लभ पार्श्वनाथ नुं तीर्थ छे । श्वे० धर्मशाला छे का० शु० १५ चै० शु० १५ मेलो भराय छे आतीर्थनी व्यवस्था महाराष्ट्र जैन श्वेताम्बर परिषद् करे छे कोल्हापुरमां मं० १ छे सांगलीमां मं० छे बोर्डिंग छे हुबली पासे होलिपट्टनमां सम्राट् संप्रतिना मं० १० हता; हालनथी । आपहाडनापगथी आ श्वेतांबरोए बंधावेल छे ।

**हेमकूट गीरि**—कर्णाटकमां बलारी जिल्लामां किष्किंधा थी शरुथती पर्वत श्रेणीमां शिखरपर किल्लामां भ० शांतिनाथनुं तीर्थहतुं, हालविच्छेद छे

**कुलपाकजी**—निझाम स्टेटमां NGR मां ( वाडी हैद्राबाद बेझवाडा लाइनमां ) हैद्राबाद थी रेलवे मोटर रस्ते मा० ४३ पूर्वमां आलिर स्टेशन छे आलिर थी मोटर रस्ते मा० ४ उत्तर मां कलपाक गाममां आदिनाथनुं अति प्राचीन तीर्थ छे निझाममां हिन्दुओनुं आलिशान शिखर बंधो मंदिर आ एकज छे दरेक मूर्त्ति ओ अर्ध पद्मासन छे भ० महावीरनी मूर्त्ति पीरोजा रंगनी छे अति आह्लाद जनक छे धर्मशाला छे, यात्रा अवश्य करवी सिकंदराबाद, हैद्राबाद,बलारमांपण जिनालयो छे । बीजापुरमां सहस्रफणापार्श्वनाथ

**तिनाली**—बेजवाडा टू मद्रास लाइन मां तिनाली जं० छे प्रतिमाजी भूमिमांथी नविन नीकलेल छे, तीर्थ स्थापना थएल छे पोस्ट तार Tenali छे मछली पट्टनपासे गुडीवाडामां पण भूमिमां थी मोटी मूर्ति मली आवेल तीर्थ स्थापएल छे ।

**भांदक**—Gipr नी नागपुर वर्धा थी काजीपेंठ मद्रास जतो लाइनमां भांदक स्टे० थी मा० १ दूर केसरिआ पार्श्वनाथ नु' तीर्थ छे, मंदिरनी पाछल निर्जल तलाव मां प्राचीन मंदिरनी टेकरी अने पाज छे, मं० २, छे पोष्ट बरोरा छे तार ओ० Bhandak के बरोरा चांदामां मंदिरो छे।

**सीरपुर-अंतरिक्ष**—G I P रेलवे मां नागपुर भूसावल लाइनमां आकोला स्टे० थी मा०४८ तथा बालापुर ( स्टे० पारस ) थी मा० ४८ दक्षिण मां सीरपुर गाम छे पोष्ट sir pur सीरपुर, तालुको-बासीम, देश-वराड जी० आकोला, तार ओ० Basim सीरपुरमां मलधारी अभयदेव सूरि तथा एलिच पुरना राजा इलिच श्रीपाले सं० ११४२ महाशुदि ५ रवि पुष्यार्के भ० अंतरिक्ष पार्श्वनाथनी स्थापना करी छे। पछी वि० सं० १७१५ चैत्र शुक्ल ६ रविवारे पुष्यार्कमां तप गच्छाधिपति श्री विजयदेव सूरिना आज्ञाधारी। उत्तराध्ययन सूत्र टीकाकार उ० श्री भावविजय गणिना उपदेश थी पाटणना संघे जीर्णोध्धार करावी त्यां नवीगादीपर भगवाननी प्रतिष्ठा करी छे। मूलगादीनी सामे मणिभद्रनी स्थापना छे। पद्मावतीनीजमणीबाजु मां आ० श्रीविजयदेव सूरि तथा पं० भावविजयगणी नी पादुका हती। जो सं० १९४८ थी मणीभद्रना भोयरामां राखेल छे ॥पार्श्व प्रभुनी मूर्ति तद्दन अधर छे किन्तु एक डाबा भागमां गादीने जरा अडे छे आतीर्थ परा पूर्व थी तथा प्री० वी० कौंसिले आपेल दिगंबरोए हक माटे करेल जघडाना चुकादा पछी पण श्वेताम्बरोनी सत्तामां छे।

आमूर्ति श्वेतांबर आम्नायनी छे। तेनो लंगोट अने कंदोरोहोवानु' प्री० वी० कौंसीले सिध्धकयुँ छे। वि० सं० १३६० श्वेतांबर-दिगंबरमां भाइचारानोसबंध जोडातां बन्ने वर्गना जैनो यात्राए आवे छे ॥ अहीं अखण्ड दीपक छे ॥ गामनी बहार इलिच श्रीपाले अभिमान थी बनावेल मोटु' मंदिर छे जेहाल P W D नेताबे करेल छे। अहींनोवहीवट श्वेताम्बर तीर्थ रक्षक कमीटी तरफ थी शेठ सुखलाल हवसीलाल, ओ० मा०-बालापुर करे छे।

एलक श्रीपाले एलिचपुर पासे मुक्तागीरिमां पण श्वेताम्बर तीर्थ स्थापना करी छे जेनो वहिवट वि० सं० १९३६ सुधी कनेर-वासी श्वे० ओसवाल माणेकचन्द डाह्याभाइ ना हाथ मां हतो। जेनावंशजो हाल बेतुर-बड्नेरमां रहे छे अहीं पहेलां श्वेतांबर मूर्तिओज हती, पण श्वे० जैनोनी बेदरकारीथी वि० सं० १९३६ मां दिगंबरो ए तीर्थ पोताना हाथमांलइ श्वे० मुर्तिओकाढी नाखी, दिगंबर तीर्थ बनाव्युं छे, आकोलामां श्रा० वस्ती, धर्म० मं० १ छे, बालापुरमां श्रा० घर,, उपाश्रय, भव्य मं० २ छे।

बुरानपुर—निमाड जिलामां Gipr नुं बुरानपुर Burhanpur स्टे० छे शहेर छे पोष्ट छे तार ओ० छे, अहीं जगवल्लभ पार्श्वनाथ नुं तीर्थहतुं, आकस्मिक घटनाथी ए तीर्थ विच्छेदजतां अनेक मंदिरोनुं मं० १ बनाववामां आवेल छे, श्रा० घरो छे, अहीं r, m, r, अने नागपुरथी पण अवाय छे।

## पूर्वदेश-विभाग ( E. I. R. ईस्ट इंडिया रेल्वे )

### उत्तर हिन्दुस्तान( अवध-बिहार-ओडिसा अने बंगाल )

**बनारस ( काशी )**—मोगल सराय जंक्सनथी रेलवे रस्ते तथा मोटर रस्ते गंगापार ५ कोष दूर, काशी-बनारस शहेर छे, O. & R. ( अवध एण्ड रोहिल खंड ) सेक्सननुं बनारस—स्टेशन छे दरेक जातना वाहनो मले छे। ठेरी बजार—नंदनशाहु महोल्लामां अंग्रेजी कोठीमां उतरवुं, जिनालय ६ ( उपरनीचे जुदा जुदा १३ ) छे। जव्हेरी ओसवालना घरमां चैत्यालय ( घर मंदिर ) मां हीरानी पार्श्वनाथ प्रभुनी श्वेतांबर प्रतिमा छे।

अहींथी मोटरथी १ भेलुपुर, २ भदैनी, ३ सिंहपुरी, ४ चंद्रावती जवाय छे।

अहीं हिंदु युनीवर्सिटी, मानमंदिर, गंगापूल, काशि विश्वनाथनुं मंदिर, गोपाल मंदिर, हिंदुकालेज, क्विन्सकालेज, राजा मोतिचंदनो बाग, भीलुपुर वोटर वर्क्स, नवी कोर्ट विगेरे स्थलो जोवा लायक छे। अहीं तारनुं ठेकाणुं BENARES छे। पोष्ट ओफिस बनारस छे।

**भेलुपुर**—काशीमांज ३ माइल दूर महोल्लामां पार्श्वनाथना ४ कल्याणकनुं तीर्थ। श्वे० धर्मशाला छे।

**भदैनी घाट**—काशीमांज २॥ माइल दूर गंगाने कांठे सुपार्श्वनाथ भगवाननुं—४ कल्याणकनुं तीथ। श्वे० धर्मशाला छे।

**सिंहपुरी**—काशीथी मोटर रस्ते ३ कोष दूर जंगलमां श्रेयांसनाथ भगवानना ४ कल्याणकनुं तीर्थ। मंदिर सुन्दर छे। सिंहपुरी—सारनाथ Sarnath मां खोदाण म्युजियम अने बौद्ध मंदिर छे। B. & N. W. R. नुं स्टे० पण छे।

चंद्रावती—मोटर रस्ते काशीथी १४ मैल, सिंहपुरीथी ६ मेल गंगाकांठे किल्लामां चंद्रप्रभु भ० ना ४ कल्याणकनुं तीर्थ छे। हालमूल नायक शांतिनाथ छे पाछल गोंखमां चंद्रप्रभुनी मूर्त्ति छे। श्वे० धर्मशाला छे।

अयोध्या—उत्तर हिंदुस्तानमां बनारसथी वायव्यमां रेलवे रस्ते मोटर रस्ते ६० कोष दूर O. & R. सेक्सन रेलवेनुं फैजाबाद जंक्सन छे। त्यांथी २ कोष दुर घोघरा नदीकांठे अयोध्यामां कटरा महोल्लामां १, २, ४, ५, १४ तीर्थंकरना १६ कल्याणकनुं तीर्थ छे। आ नगर प्राचिन छे के स्थापनारुप केते नक्कीथइ शकेतेमनथी। तेना १ अयोध्या, २ अवध्या, ३ कोशला, ४ विनिता, ५ साकेतपुर, ६ इक्ष्वाकु भूमि, ७ रामपुरी अने ८ उत्तर कोशला एम ८ नाम छे। मरुदेवा माताने ज्ञानप्राप्ति अने मोक्षगमन पण अहिंज थएल छे। अहीं स्टेशन छे, पोष्ट ओफिस छे तारनुं ठेकाणुं AYODHYA छे फैजाबादमां १ जिनालय स्टेशन सामेज धर्मशाला छे।

अष्टापद—प्राचिन अयोध्यानी उत्तरे—हिमालयना शिखरमां आदिनाथ भ० नुं निर्वाण तीर्थहतुं। हालस्थाननो पत्तो नथी ( विच्छेद )

हिमालय ना शिखरोमां केदार पार्श्वनाथ, बद्रीपार्श्वनाथ मानसरोवर विमलनाथ विगेरे तीर्थोहता, शंकराचार्य ना झगडा पछीते वैष्णवोनाताबामां छे। छतां मूलगादीए हालपण तीर्थंकर नीज मूर्तिओ छे, त्यांनायात्रिको कहेछेके—कोइने स्वप्नमां २४ भगवानना दर्शन थया, जेथी शोधकरतां आ बद्रीनारायणनी मूर्तिमली आवीछे। बीजी २३ मूर्तिओ एजबद्रीनीपासेज कोइ दैवी स्थानमां अदृष्य छे—देव पूजित छे।" आबद्रीने अनुरुप दक्षिणमां बद्रीतीर्थ छे ज्यां दिगंबरना आदि संप्रदाय—मूल संघनो व्यवस्था नीर्णित थवाथी तेनगरनुं नामपण मूलबद्री थयुंहशे एम लागे छे। धवलगीरिनो दुर्गम प्रदेशज अष्टापद गीरि छे, ज्यांथी क्यारेक देवी संगीतना ध्वनिसंभलाय छे। विच्छेद तीर्थो।

श्रावस्ति—उत्तर हिंदमां फैजाबाद स्टेशनथी पगरस्ते ६० कोष उत्तर

मां, बलरामपुरथी ७ कोष दूर जंगलमां, १ मैलना विस्तारवाला Satmahat सेतमहेत ( खेटमेट ) नाविह्लानीवचमां, विद्यमान अकोना गाममां संभव नाथ भगवानना ४ कल्याणकनुं तीर्थ स्थान छे मंदिर छे मूर्त्ति नथी पासे राप्टी (इरावती) नदी छे। विच्छेद तीर्थ छे। Balrampur बलरामपुर गोंडा जिल्लामां छे, राजधानीनुं स्थान छे, B. & N. W. रेलवेनुं स्टेशन छे।

**रत्नपुरी**—O. & R. सेक्सनना फैजाबाद जंक्शनथी ५ कोष पश्चिममां सोहावल स्टे० थी १ मैल उत्तरमां नौराइगाम छे। अहीं धर्मनाथ भ० ना ४ कल्याणकनुं तीर्थ छे, २ जिनालय छे। पो० ओ० फैजाबाद तार ओ० FYZABAD अथवा SOHWAL (S)

**कानपुर**—फैंजाबाद सोहावलथी लखनऊ कानपुरजवुं, स्टेशन छे। पो० ओ० छे, तारघर छे, लखनौमां १४ मंदिर छे। जैन विभागवालुं म्युजियम छे, कानपुरमां काचनुं मंदिर छे। आवजो तीर्थो नथी।

**कंपिला**—कानपुरथी ८६ मैल वायव्यमां आग्राथी ११२ माइल इशान मां B. B. & C. I. रेलवे शिकोहाबाद फ० रेलवेनुं जंक्सन, फरुकाबाद शहर छे, अहीं १ जिनालय छे। अहीं थो B. B. नी मोटर गंजमां १९ माइल वायव्यमां कायम गंज स्टेशन छे, कायम गंजथी उत्तरे ६ माइल दूर कंपिलाजीमां विमलनाथ भ० ना ४ कल्याणकनुं तीर्थ छे, धर्मशाला छे। आ स्थानोनो मोटर रस्तो पण छे।

**शौरिपुर**—E. I. R. नी मेन लाइनमां शिकोहाबाद Shikohabad जंक्सनथी मोटर रस्ते १४ मैल दक्षिणमां आग्राथी ८ माइल पूर्वमां अने लश्करथी पग रस्ते २० माइल उत्तरे बटेश्वर गाम छे अहीं थी २ माइल दूर यमुनाकांठे शौरिपुरमां रमणीय तीर्थ स्थान छे धर्मशाला छे आ नेमिनाथ भ० नी जन्मभूमि छे। अहीं पहेलां ७ जिनालयो हतां। यात्रिकोए अहीं सगाडलइने जवुं, पोष्ट ओ० Batesar. छे। ( उत्तर हिन्दुस्तान ) तार ओ० सिकोहाबाद। आमन्दिर टीला—टेकरा उपर छे।

**अहिछत्रा**—आग्रा=अवधमां बरेली जिल्लामां E. I. R. नी बरेली—चंदौसी ब्रांचमां अेओनला Aonla स्टेशनथी ४ कोष उत्तरे रामनगर छे जेनुं जुनुं नाम शंखपुरी तथा अहिछत्रा छे । अहिं बे कोषना विस्तार-वाला प्राचिन खंडिअरो छे । अहिंनो जैनस्तूप मथुराना जैनस्तूपथी विशेष प्राचिन छे । विच्छेद तीर्थ । अहीं त्रिभूवन पार्श्वनुपथातीर्थ हतुं ।

**मथुरा**—आग्राथी रेलवे—मोटर रस्ते ३५ मैलपर गंगाकांठे **मथुरामां** घीयामंडीमां तीर्थ छे । आ कल्पद्रुम पार्श्वनाथ नेमिनाथ तथा वीरप्रभुनुं तीर्थ छे, **राजैमतीनी** जन्मभूमि छे । **जंबु** स्वामीनी निर्वाण भूमि छे अहीं पो० ओ० तारघर Muttra छे G I. P. R. आग्रा—दिल्लि लाइननुं स्टेशन छे । **कंकाली** टीलो तथा म्युजियम अवश्य जोवा, ( मथुराना जैन स्तूप माटे बिसेंट ए० स्मीथ कृत "जैनस्तूपिक्ष ऑफ मथुरा" तथा पूरण-चंदजी नहार B. A. L, L, B, कृत जैन लेखसंग्रह भा० ४ थो जुओ ) आग्रा मां ११ जिनालयो छे ।

**हस्तिनापुर**—शिकोहाबाद स्टेशनथी टुंडला, कुरजा—हापुर रस्ते अथवा G, I, P, ना आग्रा—दिल्लिरस्ते थइ N, W, ना मेरठ ( मीरत ) जक्सन जवुं । मेरठना रखैया दरवाजा थी मोटर रस्ते १६ मैल **मुवाना** छे । मुवानाथी ६ मैल पर **हस्तिापुर** छे । ( उत्तर हिंदुस्तान )

अहीं १६-१७-१८ मा तीर्थंकरना १२ कल्याणकनुं तीर्थ छे स० १८२६ मां बनेल जिनालय छे, अहींथी १ मैल दूर ऋषभदेव भ० नी पादुका होवानु कहेवाय छे त्यां भ० नुं वार्षिक तपनुं पारणुं थयुं हशे ५-पांडव, ५ चक्रवर्ती अहीं थया छे, अहींथी दील्ली ( ४३+३२ ) ७५ मैल छे ज्यां जिनालय छे हस्तिना पुरनी पो० ओ० Bahsuma बहसुमा (D.T) Meerut छे तार ओ० Mawana ।

**कांगडा (पञ्जाब)** दील्हीथी पंजाबनी रेल्वे जाय छे । पंजाबमां अमृतसरथी मा० ६० पश्चिममां नगरकोट कांग्रा छे । राजा कहानदासे आ

कांगडानो किल्लो अनेकिल्लामां आदिनाथनु' जिनालय बन्धावेल छ मर्ति श्याम छे। हाल अन्य दर्शनोने ताबेछे। किल्लामां पत्थरनुं बांधेल अम्बिका मन्दिरपण छे। आकिल्लामां समोसरण हतुं ते हुशियारपुरलइआव्या छे जेमां शांति कुंथु अर भ० नी मूर्तिओ छे। स्टे० पेढानकोट०। कांगडाथी मा० १०० कुलुमां बावानामठमां संप्रतिराजा कृत-पार्श्व मूर्ति छे। लुधियाना मं० २, हुशिआरपुरमां मं० २, रामनगरमां चिन्तामणी मं० छे। पंजाबनुं भेरा ते उदायी राजनुं वीतभय नगर छे।

प्रयाग—इलाहाबाद स्टेशन थी २ मैल पर किल्लामां प्रयाग (पुरिमताल पाटक) माँ ऋषभदेव भ० नीकेवल कलयाणक भूमि छे, अहीं अक्षय वडनीचे जिन पादुकाहती जेने लाडवणिक राय कल्याणे स० १६४८ मां उत्थापी त्यां शिवलिंगनी स्थापना करी हती तेनोपण औरंगझेबे नाशकर्यो हतो। अत्यारे वडनो नीचे शिलालेख वगरनी पादुका छे (जे-कोनी छे कयारनी छे ते समजवुं मुश्केल छे) अहीं अरणिका पुत्रने केवल ज्ञान थयुं हतुं किल्लामाँ अशोकनो स्तम्भ छे, अहीं १ जिनालय छे जेमां इतर दर्शनीना विरोधथी मूर्त्ति विराजमान थइ नथी पो० ओ० के तारघर Allahabad छे। (उ० हिन्दुस्तान)

कौशांबी—इलाहाबादथी पश्चिममां ३५ माइल अने E, I, R, मेन लाइनमां २३ मैलपर भरवारी Bharwari स्टेशन छे, त्यांथी दक्षिणमां २० मैलपर यमुनाकांठे Kosam Inam कोसम इनाम तथा Kosam Khiraj कोसम खिराज (कोसमइ—कोसंबी राज—कोसंबपल्ली) गाम छे पासे जंगलमां पर्वतपर पद्मप्रभु भ० ना ४ कल्याणनुं तीर्थ छे।

सूर्यचंद्रनुं अवतरण, मृगावतीनी दिक्षा, केवलज्ञान, चंदनबालाने केवल, अनाथी मुनिनो जन्म—अडद्बाकुलरनुं दान—उदायी राजा विगेरे अहीं थएल छे—कोशांबी कल्प मां पाठ छे के—अहीं १४ मो शताब्दि मां बाकुल विहार हतो। पद्म प्रभुनुं मन्दिर हतुं।" हाल कैं नथी तीर्थविच्छेद

छे भूमि स्पर्शना छे दि० धर्मशाला छे क्यारेक केसरनो बरसाद पड़े छे कोसम (इ० खि०) नी पश्चिम मां पभोसा Pbhossa नो किल्लो छे जे राजाप्रद्योते बना वेल छे, मृगावती राणी ना केवल ज्ञानने स्थाने हाल Salak Mau सालक—मउ गाम छे।—पो० ओ० Pachimsarira Dit Allahabad पाचिमशरीरा छे।

भद्दिलपुर—मोगलसराय थी अग्निखुणामां E i नीग्रांडकोर्ड लाइन मां गया जकसन छे, गया थी दक्षिण मां २२ मैल ग्रांडट्रंक रोड पर शेरघाटी शहेर छे त्यां थी दक्षिणमां शेर घाटी—जोरी-चतरा रोडपर मोटर रस्ते १० मैल हंटरगञ्ज के पछी पूर्व मां नदी पार २ मैलपर हटवरीआ गाम छे, गया थी बुध्यगया (मैल ७ बौध्ध मन्दिर) डोभी (ग्रांडट्रंक रोड) थइनेपण हटवरीआ ३२ मल थाय छे, नजिकमांज कोलवा पहाड़पर २ मैलनी चड़ाइए शितलनाथ भ०ना ४ कलयाणकनुं तीर्थ स्थान छे, खाली जिनालय छे, खंडित जिनमूर्तिओ छे पत्थर मां खोदेली जिन मुर्त्तिओ छे। नहीं पूजाती जिन पादुकापण छे। अहीनो मूर्तिने नावारसधारी कोइ पादरी लइ गएल छे भूस्पर्शना छे। तीर्थविच्छेद। शिखरजी मैल १०० अहीं नजिक मांज भद्द्आ गाम छे पोष्ट Jori जोरी जि० हजारीबाग (बिहार) मु० हटवरीया। आश्वेतांबर तीर्थ छे। आपहाड रायबहादूर बद्रीदासजीना ताबामाँ छे। सप्तफणापार्श्व।

मिथिला—पटनाथी उत्तर मां गङ्गापार हाजिपुर (मुजफ्फरपुर) दरभंगा थइ सीतामढीजवुं अथवा बख्तीयारपुर पछी मोकाना थी स्टीमरद्वारा गंगापार थइ B. &. N. W. (बंगाल एण्ड नोर्थ वेस्ट) रेलवे द्वारा दरभंगा थइ १०२ मैल सीतामढ़ी स्टेशन जवुं, गंगापार थइ मोटर रस्ते पण जवाय छे—नजीकमांज लखण दइ नदी कांठे सीतानी जन्मभूमि—सीता मढ़ी (मिथिला) छे अहीं मल्लिनाथ भ० तथानमिनाथ भ० ना आठ कल्याण कनुं तीर्थस्थान छे—मंन्दिर जैनेतरोना कबजामां छे मूर्त्ति न थी। पादुका हता ते भागलपुर-मन्दिर मां लइ गया छे पो० ओ० जि० मुजफ्फरपुर (विहार)

छे। श्रीजिनप्रभसूरिना उल्लेख प्रमाणे जगइ ( सीतामढ़ी थी पश्चिम मां ७ माइल पर रहेल जगदीशपुर ) ए प्राचीन मिथिला छे।

**पटना**—मोगलसराइ थी रेलवे-मोटर रस्ते पूर्व मां १५० माइल पटना जक्सन थी ६ माइल पर **पटना शहेर** छे। स्टेशन पो० ओ० तथा तारघर Patna City छे ( प्रान्त बिहार ) चोकबजार मां धर्मशाला छे जिनालय २ छे। शहेर थी २ मैल पर गुलजारबाग स्टेशननी सामेज सुदर्शन शेठनी सिद्ध पादुका तथा स्थुलिभद्र स्वामीनी पादुका छे अहींनु म्युझियम जोवालायक छे।

**बिहार**—पटना थी बखतियारपुर जं० माइल २८ छे त्यां थी २२ माइल दक्षिण मां B. B. L. रेलवेनु स्टे० **बिहार शरिफ** छे, पोष्ट तार ऑफिस Bihar छे पटना थी फतवाथइने मोटर रस्तेपण ४० माइल थाय छे श्रा० घर छे धर्मशाला छे जिनालय—२ छे गया लखीसराइनी साउथ बिहार बेंचनु **नवादा** स्टेशन अहीं थी मोटर रस्ते दक्षिण मां २२ मैल छे ( मोटर सर्विस चालु छे ) सूत्र मां निर्दिष्टकरेल तुंगी आ नगर तेबिहार थी ४ माइल परनु तुंगी गाम छे तेकालमांबिहार तेना एक विभागरूपहतु।

**पावापुरी**—बिहार थी दक्षिण मां नवादाना मोटर रस्ते ८ माइल पर पावा पुरी गाम छे अत्यारे गाम पावाअने पुरी एम बे विभाग मां छे पावा गाम १ मैल दूर छे भगवान महावीर नुं निर्वाण स्थान पुरी मां छे गाममां निर्वाण मन्दिर छे गाम थी पूर्व दिशा मां ०॥ माइल दूर समवसरणनोस्तूप छे गामथी १फर्लांग दक्षिण मां भगवानना अग्नि संस्कारना स्थाने जलमन्दिर मां भगवाननी गोतम स्वामीनी तथा सुधर्मा स्वामी नी पादुका छे जलमन्दिर निरवशान्तिनुं घर होय एवुं अनुभवाय छे अहीं दिवालीना दिवसो मां मोटो मेलो भराय छे अमासनीरात्रे निर्वाण ना मुहुर्त्तें उपर नुं छत्रफरे छे तोरणचाले छे नजिक मांज २ जिनालयो छे दरेक मन्दिरो पुर्वाभिमुख छे अनेक धर्मशालाओ छे प्रत्येकनो वहिवट

श्वेताम्बर कमिटी संघ वती बाबु धन्नूलालजी सुचन्ती करे छे शान्तिनुं स्थान छे स्टे० बिहार अथवा स्टे० नवादा पो० ओ०Girak गीरियक, तारघर Bihar.

**कुण्डलपुर**—B. B. L. रेल रस्ते तथा मोटर रस्ते ७ मैल नैऋत्य मां पावा पुरी थी पगदंडोए आठ माइल पश्चिम मां, नालंदा स्टेशन छे ज्यां थी राजगीर स्टेशन माइल ८ छे नालंदा थी पश्चिम तरफ १ माइल दूर वडगाँव (गुब्बर गाम) छे सं० १६६४ मां अहीं १२ जिनालयो हतां हाल १ जिनालय छे तथा धर्मशालानो वचमां गौतम स्वामीनुं पादुका मन्दिर छे तेजयात्रा स्थान—तीर्थ छे, नालंदानुं खोद काम जोवालायक छे अहीं बलदगाडीके मोटर थी जवुं ठीक पड़े छे पोस्ट नालन्दा तारओ-सिलाव-Silao.

**राजगृही (राजगीर)**—B B. L. (बकत्यतीआरपुर बिहार लाइट) रेल्वे नुंछेल्लुं स्टेशन राजगीर छे पो० ओ० राजगीर छे, तारघर RajGir छे प्रांत-बिहार जिल्लो पटना,आनगरना १ क्षिति प्रतिष्ठानपुर २—चणकपुर ३—ऋषभपुर—४-कुशाग्रपुर अने ५ राजगृही ए पुराणानामोछे, स्टेशननी पासे शहेर छे आबो हवा सारी छे; अही रेल्वे मोटर तथाडीना बलदग साधनो मले छे कुंडलपुर उत्तरमां ८ मैल पावापुरी इसान मां ६ मैलथाय,अहीं धर्मशाला छे सामेना भागमां ३ जिनालयोछे मुनि सुव्रत स्वामीनुं ४ कल्याणक तीर्थ छे अहीं थी अनुकमे विपुल-रत्न-उदय-स्वर्ण अने वैभार गीरिनी यात्रा कराय छे रस्तो सारो छे चढाव छे वैभार गीरिनो रस्तो एक दम सारो छे पांच पहाडो गोल आकार मां छे।

आ पांचे पहाडो मां सं० १७५० मां ८१ जिनालयो हता जे पैकीना विपुलमां ८ रत्नगीरिमां ३ स्वर्ण मां १६ उदय मां १ (चौमुख) वैभार मां ५२ (जिन बिंब ७०० थी अधिक) अने राजगृही मां १; हाल मंदिरोनीचेमुजब छे, दि० मंदिरो जदा छे।

१-विपुलाचल मां—प्रथम अइमंता मुनिनी देरी आवे छे, उपर मुनि सुव्रत स्वामीना ४ कल्याणकनुं उत्तराभिमुख तीर्थ मंदिर छे जेमांवचमां तीर्थ नायक मुनि सुव्रत भ० नी मूर्ति छे, वीर चरण छे।

२—रत्नगीरिमां उत्तराभिमुख मंदिर छे वचमांस्तूपना ४ गोंखमां शांतिनाथ पार्श्वनाथ वासु पूज्य तथा नेमिनाथ भ० नां चरण छे।

३-उदयगीरि मां—पूर्वाभिमुख किल्ला मां पश्चिमाभि मुख मंदिर छे मूल नायक शामलिया पार्श्वनाथनी मूर्ति छे जमणोबाजुमां पार्श्वनाथ तथा डाबी बाजु मां मुनिसुव्रत स्वामीनी पादुका छे ४ बाजुमां ४ देवकुलिकाछे जेमां पार्श्वनाथ ऋषभदेव नेमिनाथ तथा प्रद्युमप्रभनीपादुका छे।

४-स्वर्णगीरि मां—पूर्वाभिमुख मंदिर छे, ऋषभ देवनी मूर्ति मूल नायक छे।

५—वैभारगीरिमां५ टूंक छे (१) पूर्वाभिमुख मंदिरमां जिनमूर्ति छे, बन्नेबाजुमां ज० नेमिनाथ डा० शांतिनाथ पादुका छे, (२) उत्तराभिमुख मंदिरमां धन्नाशालिभद्रनो मूर्ति विगेरे (३) पूर्वाभिमुख मंदिर मां वचमां देरी मां शांतिनाथनां चरण छे चार खुणानी घुमटी मां नेमिनाथ शांतिनाथ कुंथुनाथ तथा आदिनाथ ना चरणो छे (४) मुनि सुव्रतनुं पूर्वाभिमुख विशाल मंदिर छे मूर्ति सुन्दर छे जमणी बाजू वीर चरण छे (वीर मूर्ति बेसारवानो छे) डाबी बाजु वीर मूर्ति छे। मंदिरनी जमणी बाजु पूराणां जैन मंदिरना खंडेरो छे P. W. D. तावानी जिन मूर्तिओ छे मंदिरनी डाबी बाजु चोकीनी देवडी छे मंदिरनी पूर्वमां जगत्शेठनुं मंदिर छे, मंदिरनी नीचे बे गुफाओ छे जे मां अनेक मुनि ओए अनशन स्वीकार्युं हतुं, (५) चडाव मां २ खंडेर छे। ज्यां गणधर मंदिर हशे एक दम उपर जतां उत्तराभिमुख गौतम स्वामीनुं मंदिर छे। ज्यां ११ सिध्धगणधरनी जुनी पादुका तथा नवीपा-

ढुका प्रतिष्ठित छे आपहाड विशेष चित्ताकर्षक छे। अहीं थी पांचे पहाडना मंदिरो देखाय छे।

आसिवाय गरम—ठंडा पाणीना कुंडो ( जेनुं प्रमाण भगवती सूत्र श० २; उद्देशो—५; सू ११३ विशेषावश्यकगाथा. २४२५ मां उपलब्धथाय छे ), शालिभद्र कुइ निर्माल्य कुइ, वीरपोशाल, नंदमणी आरनी वाव, रोहिणीआनी गुफा, श्रेणिक नो स्वर्ण भंडार, पालो ली पिनुं खोदाण विगेरे अहीं जोवालायक छे।

**गुणियाजी**—E. I. R. मां गया—लखीसराइनी साउथ बिहार ब्रंच ना नवादा स्टेशन थी उत्तरे १ मैल दूर बिहार रोड पर जंगल मां गुणावामां तीर्थ स्थान छे तलावनी वच्चे मन्दिर छे। मूर्ति ओछे। जेनो वहीवटपण श्वे० क० वती बाबु धन्नुलालजी करे छे जिलो गया ( बिहार ), स्टेशन पो० ओ० अने तार घर Nawadah नवादा छे। अहीं थी राजगृही वायव्यमां १५ माइल पावापुरी उत्तरमां १४ माइल, क्षत्रिय कुंड पूर्व मां ३६ माइल, अने कोडारमाथइने गीरडी-मधुवन दक्षिण-अग्नि मां १३० माइल थाय छे। हरेक स्थाने रोड छे नवादामां बलद गाडी तथा मोटरनीसगवड मले छे।

**काकंदी**—लखीसराइ स्टेशन-धर्मशाला थी १४ मैल अग्निमां ( मननपुर स्टेशन थी ६ मैल ) जमुइ थी ७ मैल वायव्यमां लखीसराइ-जमुइना मोटर रोड माइल १० ना आंक थी पश्चिममां काचे रस्ते २ माइलदूर काकंदमां सुवोधिनाथना ४ कल्याणकनुं तीर्थ छे तीर्थनायकनीमूर्ति छे। मूल गभारो खाली छे, प्रतिष्ठा नी जरूर छे, अहीं थी लछुवाड माइल १४ ( २० ) थाय छे, दरेक रस्तानी मोटर सर्विस चालु छे बलद गाडी पण मले छे। धन्नो काकंदी अहीं थएल छे आस्थापना तीर्थ हशे अने गंगानी उत्तरे काटिहार थी पश्चिममां कानपुर सुधी जती B. & N. W. बंगाल एण्ड नोर्थ वेष्ट रेल्वे छे ज्यां भागलपुर पटना के मोकामा थी गंगा पार थइ जवाय छे पटणाथी हाजीपुर छपरा थइ पश्चिममां १०२ माइल

भटनी जं० छे त्यां थी ४ मेल पर नोनखार स्टे० छे नोनखार थी गोरखपुर जं० मा० ४३ थइ अयोध्या-कानपुर जवाय छे मोटर रोड न-थी नोनखार स्टेशननथी १॥ माइल दूर बखंदा गाम छे। जे साची काकंदी हशे।

क्षत्रियकुंड — लखीसराइ स्टेशन थी नैऋत्य दक्षिणमां १८ माइल (मो० रु० १) सिकंद्रा थी दक्षिणमां २ मैल नवादा थी पूर्वमां ३४ मैल अने जमुइ थी पश्चिममां १४ मैल पर नदीकांठे लछवाड (लक्षरीराजा श्रोनीभूमी ?) गाम छे मोटर सर्वीस हरेकनी चालु छे, अहीं धर्मशाला छे श्रीवीर जिनालय छे, लछवाड थी माइल ३ दक्षिणमां नदी कांठे कुंडेघाट छे. ज्यां भगवानमहावीर नादिक्षास्थाने २ मंदिर छे, भातातलाटो छे अहींथी देवडानी १ किंरुआनी २ सकसकीआनी १ अनेचिकनानो २ एमसातपहाडी वटतां ३ माइलने आन्तरे जन्मस्थान नामे भूमिआवे छे जेनुं प्राचीन नाम क्षत्रिय कुंड छे. त्यांनी-जनता आस्थानने क्षत्रिय कुंडने बदले जन्मस्थानना नामे सारीरीते पीछाणे छे. क्षत्रिय कुंडमां महावीर भ० नुं जन्म तीर्थ छे. भव्य मंदिर छे गभारो मूर्ति रहित छे मूर्ति रंगमंडपमां बिराजमान छे नानी धर्मशाला छे स्थान शांत छे नवाद्दाथी कावकोल-मतनाजी, थइ ५५ मैलना चक्करमां बीजो मोटर रोड जाय छे मतनाजी थी उत्तरमां ४ माइल परज जन्मस्थान छे जे रस्तो सीध्धो छे खेतरवालो छे सुगमताथी मोटरपण जइशकेतेम छे. मतनाजीथी-जमुइ २० मैलजथाय छे. अहींथी चीकनो थइ ६ मैल पूर्वमां लोधापानी नाम भूमिमां पूराण खंडेरो छे टीलो छे, झरणुं छे २५० वर्ष पहेलांत्यांज क्षत्रिय कुंड मनातुं हतुं पणमंदिर हाल छे त्यांज हतुं संशोधन शोखिनो एखास जोवा जेवुं छे. जेनी दक्षिणमां पुराणो बांधेलो कुवो छे. जन्मभूमिनी चारे बाजु दीपाकरहर, मेगरुह, हरखार, रोपाबेल, गायघाट, चंदनबर, महोली-आताल, फरगी पत्थर, जिलार, रजला, विगेरे अनेक वस्ति वाला गामोछे, आंबा विगेरे वृक्षो छे, कुंडेघाटमां पुराणुं आमलीनुं झाड हतुं हालनथी

बसोवर्ष पहेलां जन्मस्थाननो पहाड चडवानो रस्तो मथुरा पुर थी हतो हाल लछवाडथी छे.

क्षत्रिय कुंड थी कुंडेघाट कुरावन बहबार नदी रस्ते अथवा स्थल रस्ते तथा क्षत्रिय कुंड थो मथुरापुर रस्ते कुमार जवाय तेम छे जयां हाल ब्राहमणो नी वस्ती पुष्कल छे, लछवाडथी पश्चिममां ब्राहमणोनी वस्ती वालुं ४ माइल माहना तथा कौवाकुलाम छे, वायव्यमां १ मैल जेनडो (वावेतरजमीननुं तोजी नंबर नाम); ३ मैल कुमार; ८ मैल पर कोनाग (नालन्दातरफ) छे कोनागपासे गोरुआपरसंडामां १ जैन मूर्तिने लोको बीजानामथी पुजे छे. कोनागथी १० मैल पूर्वमां मौरागाम, बडनदी (कयूलनी पेटा नदी) छे; लछवाडथी पूर्वमां महादेव-सीमरीआमां २५० वर्षनां पुराणां ५ मंदिरो छे; तेमां जिन मूर्तिओहती जे पाछलथी पोखर (तलाव) मां पधरावी दीधीछे। हालपण बोद्ध मूर्ति छे॥ अग्निमां २ माइले बहरंगा २॥ माइले बसबुट्टी (वैश्य पट्टि) गाम छे थोडा वर्ष पहेलां आ दरेक गामोमां जिनालयो हता हाल कंई न थी.

गीधौर राजाए राजधानी परसंडाना शिवालयमां सं १९५० मां १ पत्थर लगाव्यो छे जे जन्म स्थानना वीरमंदिरनो छे, (पटणा थी उत्तरे गंगापार कोस १२ दूर मुजफ्फरपुर जिल्लामां गंडकी नदी कांठे बिसाडपट्टी बिशाला गाम छे ज्यां क्षत्रियकुंड, ब्राहमण ग्राम, वाणिज्य ग्राम, कुमारिय ग्राम, ज्ञातवन, आमली वृक्षना स्थानो विगेरे होवानुं केटलाएक माने छे, तेसबंधे शोधखोलनी जरुर छे.)

ऋजुवालीका—लखीसराइ थी आसनसोल जतो कार्डलाईनमां मधुपुर जक्सन थी गीरडी स्टेशन जवुं अहीं स्टे० पर श्वे० धर्मशाला छे, श्वे० कोठी छे जिनालय छे गीरडी थी बाकर-मधुवन-ईसरी-झरियानी मोटर सर्वीस छे, गीरडीथी ८ माइल पश्चिममां बाकर गामछे ज्यां रोडपरज ऋजुपाल नदी कांठे महावीर भगवाननां केवल ज्ञाननुं तीर्थ छे धर्मशाला छे मंदिरमां वचमां घुमटीमां ४ पादुका जोडी छे. पासेनीझाडीमाँ साल ना वृक्षो पुष्कल छे ४ माइलपर

जम गाम छे स्थान शान्त छे , स्टेशन, पो० ओ० तार घर Giridih छे प्रांत बिहार, जिलो हजारीबाग, गीरीडी थी लछवाड मोटर रस्ते उत्तरमां ८४ मैल कलकत्ता अग्निमां रेलवे रस्ते २०७ माइल थाय ।

मधुवन—बराकर थी ८ मैल पश्चिममां E. I. R. मेनलाइनना इसरी स्टेशन थी पूर्वमां १४ माइल मधुवन गाम छे। मोटर सरवीस शरु छे । पो० पारसनाथ तारघर गीरडी जि० हजारीबाग छे। अहीं विशाल धर्मशाला छे। चोकमां १-२-३-पार्श्वनाथ; ४ त्रिशजिन पादुका, ५ शुभगणधर मूर्ति ६—गोडी पार्श्वनाथ , उपर संभवनाथ, ७—पार्श्वनाथ ( आ मुख्य मंदिर छे ) ८—पार्श्वनाथ उपर सुपार्श्वनाथ चोमुख । ६—चन्द्रप्रभु। १० सुपार्श्व । ११—पार्श्वनाथ, उपरचंद्रप्रभु एम ११मंदिरछे गाम बाहर राजा दोडीना १२मंदिरमां सुधर्म स्वामीनी पादुकाछे। धर्मशालाना दरवाजा पासेज तीर्थाधिष्ठायक शीखरजीनी आकृतीवाला १३ भोमियाजीनुं मंदिर छे। मधुवन थी पर्वत उपर चडवुं

सम्मेत शिखरजी-मधुवनथी पगदण्डिए चडाय रस्ते गंधर्व नालुं आतात खाटी मा० ३ सीता नालुं मा० ३॥ थइ गौतमस्वामी मंदिर मा० ६ जवुं अहींथी चंद्रप्रभु अनेपारसनाथ मेघाडंबरटूंक एम ३ रस्ता ओ जायछे। पर्वत उपर १-१२-२२-२४—सिवायना २० तीर्थकरोनुं मोक्ष तीर्थ छे। २४—जिन ४—शाश्वतजिन , एक शुभस्वामी एम ३० मंदिरमां पादुका ओछे , ३१मां जल-मंदिरमां मूर्तिओ छे। जलमंदिरमां धर्मशाला पाणी पूजानी सामग्री विगेरे दरेक अनुकुलता छे प्रदक्षिणाकरवाइछनारे—गोतमस्वामी १७—मू—चं-२१—१८—१६—११—६—६—२०—८— १— १४—१० ३—१२-४-( १२ ) जलमंदिर—शुभस्वामी (जल०) व—वा १५(वा) ५-१६ २४- ७- १३-२२-२३ एम दर्शन करवा, पार्श्वनाथ भ० नुं० मंदिर जलमंन्दिर थी १॥ माइल दूर मेघाडम्बर टूंकपर छे निरव शान्तिनुं स्थान छे। पगथिया ८० के०।

श्रीसम्मेद शिखरनुं चालू नाम पारसनाथ पहाड छे। पादशाह अहमद-

शाहे इ० स० १७५२ मां मधुवन कोठी—जयपारीयानालु'—प्राचीमनालु'—जलहरीकुण्ड—पारसनाथ तलाटी नीचचेनो ३०१ विमा प्रमाण पारसनाथ पहाड़ जगत्शेठ महताबरायनेभेट आप्यो छे। जेमां सीतानालानु' नाम शितनालु' छे। ( ता० १९-३-१८३८ मां शामाचाण सरकारे करेल पर्शीयन भाषांतरमांथी ) तथा पादशाह अबू अल्लिखान बहादूरे इ० स० १७५५ मां पालगंज—पारसनाथ पहाड़ने करमूक कर्यो हतो। पारसनाथ मंदिर नो पाछल नीचे दूर डाकबंगलो छे। ज्यांथी E. I. R. मेनलाइनना निमिआघाट स्टेशना डाकबंगला सुधो ५॥। माइलनो रस्तो छे। अने इसरी धर्मशाला १० मैलछे। डाकबंगलाथी भातातलाटो थइ मधुवन पण ५॥। माइल थाय छे दरेक रस्ताओ पाका बाँधेला छे। पगे उतर चडाय छे। चडवाने डोलीपण मले छे। निमिया घाट थी डाकबंगले घोडो आवो शके छे। पहेलानाकालमां शुभस्वामो-टूंक वाले रस्ते जलमंदिरसुधीनावाहनो आवी शकताहशे पर्वत-तीर्थ आणंदजी कल्यानजी पेढीने ताबे छे। मंदिरोनोवहिवट श्वे० तीर्थ कमीटी करे छे। अहींथी कलकत्ता माइल २०७।

चंपापुरी—लखीसराय थी रेलवे रस्ते लुपलाइनमां ५० माइलपर भागलपुर जंक्सन छे। अहींथी २ कोष दूर नदी कांठे चंपानालामां वासु पूज्य भ० ना ५ कल्याणकनु' तीर्थ छे। भागलपुर तथा नाथनगरमां स्टेशन सामेज धर्मशाला छे। जिनालय छे श्रावकनो वस्ती छे, दरेक वाहनोमले छे। भागलपुर मंदिरमां मिथिलाथी लावेल मल्लिनाथ तथा नमिनाथभ० नी कसोटीनी पादुका स्थापित छे।

चम्पानगरमां वीरप्रभुना चोमासा ३, श्रीपालराजा, कुमार नंदी सोनी, कामदेव श्रावक, सुभद्रासती, थया छे। श्रुत केवली शय्यंभवसूरिए दशवैकालिक सूत्रनी रचना मनक मुनि कुमार माटे अहींज करेल छे॥ प्रांतबिहार स्टेशन; भागलपुर, १ नाथनगर, २ पो० ओ० तारघर चम्पानगर Champanagar छे।

मंदारहिल—भागलपुर थी दक्षिणमांजतो B. M. ब्रेंचमां रेलवे, मोटर रस्ते.

मंदारहील स्टेशन छे। गामनु' नाम बांसी छे, ज्यांथी २ मैलपर १ मैलनाचडाववालो मंदारगिरि पर्वत छे। वासुपूज्य भ० नीनिर्वाण पादुका छे। चंपानगरीनो विस्तार प्राचिन कालमां अहीं सुधीहतो, बांसी थो भागलपुर ३१ दुमका ४० देवघर ८० मैल छे। दरेकनी मोटर सर्भिस चालु छे। अहींश्वे० यात्रिको ओछाप्रमाणमां आवे छे। पो० ओ० बांसी छे। तथा पोस्ट तारघर Mandar Hill छे।

अजिमगंज—भागलपुर थी रेल्वेरस्ते १५४ मैल, मोटररस्ते १४६ मैल अजिमगंज शहेर छे। स्टेशन सामेज धर्मशाला छे। श्रा० घर ८० मंदिर-६ चैत्यालय-४ ( जेमां २ खानगी छे ) रामबागमं० १ छे, पो० ओ० छे तारघर AZIMGANJ छे, देश-बंगाल, गंगापार बालुचर (जिआगंज)मां मं० ५ किरत बागमं० १ छे, कटगोलामांमं० १ महिमापुरमां जगतशेठनु' मंदिर १ छे। दरेक मंदिरो विशाल छे जहाज, मोटर साधनोमले छे। अजिमगंज थी सेंथिआ थइ बर्धमानजनारने वचमां बोलपुर शांतिनिकेतन आवे छे। अहींथी कलकत्ता माइल १२६ ॥ मूर्शिदाबादमां शामलीया पार्श्वनाथ तथा महिमापुरमां महिमापुर पार्श्वनाथ मंदिरहतां जे हाल नथो।

पहाडपुर—E, B, R नो कलकत्ता—कुचविहार लाइनमां संथार जंक्शन अने पार्वतीपुर जंक्शननीवच्चे। जमालगंज स्टेशन छे। त्यांथी २ माइल दूर टीलापर पहाडपुर गाम छे। आगामनीनीचेनो आखो टीलो जैन टीलो छे। तेमांथी जैनोना घणा स्मारको—विशाल जिनमंदिर निकल्या छे, नजीकमां ओंपुर गाम छे जेनु' जुनु' नाम सोमपुर हतु' ॥
जिल्लो—बोगरा ॥

जगन्नाथपुरी—( विच्छेद )—अहीं प्रथमजीरावला पार्श्वनाथनु' तीर्थ हतु', शंकराचार्ये आक्रमणकरी जिन मूर्तिने खोलु' चढावी शैवतीर्थ बनाव्यु' छे। हाल आ खोलु' दर १२ वर्षे बदलावाय छे। अहीं हजीपण जैन तीर्थनी असर रुपे जातिभेद—निग्रहनी प्रथा शरु छे। कलकत्ता टू मद्रास रेल्वे, B. N. R. पुरी।

उदयगीरि—कलकत्ता-मिदनापुर थी बेजवाडा-मद्रासजतो B. N. R मां भुवनेश्वर स्टेशन छे, ज्यां थी ४ माइल दक्षिणमां उदयगीरि अने खंडगीरिना पहाडोछे अनेक गुफाओ छे। अहीं थोडावर्षो पहेलां घणीश्वे० जिनमूर्ति ओहती पण श्वे० समाजनी बेदरकारीने लीधे हाल अव्यवस्थित छे। आचार्य सुस्थित-सुप्रतिबध्धे अहीं कोटिवार सूरिमंत्रनो जाप कर्योहतो जेना स्वर्गगमनास्तूपोपण अहींहता, कुमारगीरि कुमारीगीरिमां जिनकल्पि-स्थवीर कल्पो साधुओ रहेताहता, प्रख्यात हस्तिगुफा अहीं छे, जेमां श्वे० राजा खारवेलनो शिलालेख छे, विलासपुर थी मोटर रस्तेपण अहीं अवाय छे, नजीकमांज जगन्नाथपुरी छे। उदयगीरि हाल विच्छेदतिथ छे। पो० ओ० छे, तारघर Udyagiri छे, जिला-गंजाम (प्रांत-उडिसा)

कलकत्ता—अजिमगंज थी १२६ मैल, इसरो थी १६८ मैल दूर Howra हावड़ा स्टेशन छे। हुगली नदीपार कलकत्ता शहेर छे। मोटर-विक्टोरिया रिक्षागाडी मले छे। हावड़ा पूलपर थइ जवु।

(१) फूलचंद मुकिमजैनधर्मशाला ठि० बडाबाजार शामाबाइ लेन नं० ३। (२) तपगच्छ उपाश्रय केनिङ्गस्ट्रीट (मुरगीहट्टा) नं ६६। (३) धनसुखदास जेठमल धर्मशाला, ठि० अपर सरक्युलर बद्रिदास टेंपल स्ट्रीट नं० ४४ तुलापट्टीमां मं० १ चैत्यालय २, तपगच्छ उपाश्रयमां मं० १, इंडियनमीरर स्ट्रीट मां चैत्यालय २, अपर सरक्यूलर रोडमां (श्यामबाजार) मुकिम-जैनटेंपलगार्डनमां पार्श्वनाथ बागानमां मं० ३ काचनु मंदिर भव्य-आकर्षक छे, पो० ओ० छे तारघर Calcutta छे।

अहीं, पार्श्वनाथ बागान नं० ४४, बंगीय साहित्यपरिषद् हालसी बागान नं० २४३, १, (गुरुवारेबंध) बोझनी लेबोटरी नं० ६३ ठि० अपर सरक्युलर रोड। राजेन्द्रमलिक पेलेस ठि० चोरबागान-मुक्तारामबाबुस्ट्रीट। जादुघर (अजायबघर) नं० २७ (शुक्रवारे फी छे)। इम्पीरियल लाइब्रेरी ठि० चौरंगी। नहारनी लाइब्रेरी ठि० धर्मतल्ला इंडियन मिरर स्ट्रीट। विक्टोरिया मेमोरिअल, (शुक्र अने

सोमेकी छे ), आक्टरल्योनी मोन्युमेंट-किल्लो, ईडन गार्डन, हाईकोर्ट गवर्नर कोठी, टाउन हौल ठि० गोडेरमठ ॥ ब्लेक होल ठि० लालडीगी ॥ धर्मराजिक चैत्य ( बौध्ध ) विहार, युनिवर्सीटी, मेडिकल कालेज। ठि० कालेज स्क्वेर स्ट्रीट। एस० पी० चटर्जीनी बिक्टोरियानर्शरी ठि० नारिकेल डांगा मेन रोड। चिड़ियाघर ( फि छे ), बेल्वीडीआर, ठि० अलिपुर। जहाज कारखानुं Dockyard ठि० खिदिरपुर। आंधलानी शाला ठि० बेहला। मुंगा बहेरानी शाला, ठि० लोअर सक्यूलर रोड। कालिमंदिर ठि० कालीघाट।

तथा दक्षिणेश्वर मन्दिर पाणीनु कारखानु। हावड़ापूल, विवेकानन्दमठ ठि० बेलूर, बोटेनिकल गार्डन ठि० बोटानीकल स्टेशन ( शिवपुर ) विगेरेजोवालायकस्थानो मनाय छे।

## पूर्व देशनी यात्रा

### रेल्वेना यात्रिकोने प्रदक्षिणानो क्रम

**काशी, बनारस** – मोगलसराई जंक्सनथी जवुं, काशीमां मं० ६ छे, भेलुपुर तीर्थ मा० ३, भदेनीतीर्थ मा० २॥, सिंहपुरी तीर्थ मा० ७, चंद्रावती तीर्थ मा० १४, दरेक स्थाने मोटरथी फराय छे।

**काशीथी दिल्हीनीवच्चे**—(१) अल्हाबाद प्रयाग तीर्थ, कौशांबी—विच्छेद तीर्थ, कानपुर शहर, शिकोहाबाद जं० शौरिपुर तीर्थ, आग्रा शहर, मथुरा तीर्थ, दील्ही, हस्तिनापुर तीर्थ, ( दील्ही ) शिकोहाबाद जं, फरुकाबाद शहर, कंपिलाजी तीर्थ, ( फरुकाबाद ) कानपुर, लखनउ, रत्नपुरी तीर्थ, फैजाबाद जं०, श्रावस्ति विच्छेद तीर्थ, ( फैजाबाद ), अयोध्या तीर्थ, अहिछत्रा विच्छेद तीर्थ, ( अयोध्या—फैजाबाद ) काशी।

**काशीथी दिल्ही**—( २ ) [ प्रयाग, कौशांबी ] अयोध्या तीर्थ, फैजाबाद शहर, [ श्रावस्ति, अहिछत्रा ] रत्नपुरी तीर्थ, लखनउ, कानपुर, फरुकाबाद,

कंपिलाजी तीर्थ, शिकोहाबाद जं० शौरिपुर तीर्थ, आग्रा, मथुरा तीथ, दील्ही हस्तिनापुर तीर्थ ।

**काशीथी कलकत्तानी वच्चेनी प्रदक्षिणा**—(१) पटणा तीर्थ, [मिथिला विच्छेद तीर्थ] बखतीयारपुर जं०, राजगीरकुण्ड स्टे० राजगृही तीथ, कुण्डलपुर तीर्थ, बिहार तीर्थ, पावापुरी तीर्थ, गुणोयातीर्थ; नवादा स्टेशन, क्षत्रियकुण्ड तीर्थ, काकंदो तीथ, जमुइ स्टे० [जमुइथी सीधा मधुपुर जं० गीरडी थइने शीखरजी जइ जमुइ पाछुं अवाय छे ] लखीसराइ जं० भागलपुर जं० नाथनगर, चंपानगर तीर्थ ( मंदारहिल ) ( भागलपुर जं० ) अजिमगज—सिटि स्टे०, शहेर, जियागंज ( बालुचर ), कटगोला; माहिमपुर, ( अजिमगंज शहर कलकत्ता मधुपुर जं० गोरडी स्टे० ऋजुवालुका तीथ, मधुवन, शिखरजो तीर्थ, गया जं० भद्दिलपुर विच्छेद तीथ, काशी ।

**कलकत्ताथी मुंबइ**—नागपुर, ( शिखरजी थइनेपण नागपुर जवाय छे ) वर्धा जं० कुलपाकतीर्थ, भांदक तोर्थ, ( वर्धा जं० ), आकोला, अंतरिक्षतीर्थ, बालापुर, पारस स्टे० खंडावा जं०, ( अहीं थी केसरियाजी पण जवाय छे ) मुंबइ बन्दर ।

सूचना—आग्रन्थना कर्ता महात्मानुं जन्मस्थान पत्री ( कंठी, कच्छ ) छे। [redacted]—कच्छ ) छे। ( गुरुतीर्थ )

—प्रकाशक ।

वणिक् प्रेस, १ सरकार लेन, कलकत्ता द्वारा मुद्रित ।

# चारित्र स्मारक ग्रन्थमालाना नियमो

१ ग्राहक थनारे प्रवेश फी नो रू. १) मनीआर्डर थी मोकलवो.

२ ग्राहकने दरेक पुस्तक नी एकेक नकल पोंणी कीमते वी. पी. थी मोकलाशे.

३ भेटना पुस्तकोनो मात्र टपाल खर्च लेवाशे.

४ वी.पी. करवानी खबर एक दिवस अगाउ पत्र थी जणाववामां आवशे पण रीफ्युज थायतो ते टपाल खर्च प्रवेशफीमां थी वसुल कराशे. पुस्तको टकाउ अने सुंदर छपाईमां बहार पड़शे.

संवत १९८६ नां पुस्तको—१ दिनशुद्धि दीपिका. २ विश्व-रचना प्रबन्ध.

संवत् १९८७ नां पुस्तको—

१ विहारदर्शन—जेमां काठियावाड़, कच्छ, गुजरात, मारवाड़, मेवाड़, राजपुताना, पंजाब, पूर्वदेश, बंगाल, बिहार, दक्षिण, मध्यप्रदेश, बराड़ खानदेश विगेरे विहार स्थानो नी माहीती स्पष्ट करेलछे. परिशिष्टमां जैन तीर्थोनो नकशो, हिन्दुस्तानना—माईलोनुं अंतर, जैन तीर्थो अने भगवान महावीर नो विहार पण आपेल छे.

२ बृहद् धारण यंत्र (प्रतिष्ठा माटे तीर्थंकरनो मेळ जोवाने माटे अद्वितीय ग्रंथ कोष्टकादि)

३ पुरावैभव.

लखो-
घोरडी क

कल
६६

ता. क. पोतानु ठेकाणुं, पोष्ट तथा रल्वेस्टेशन विगेरे स्पष्ट अक्षर थी लखी जणाववुं.